R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11 Licensed to post without pre-payment Licence No. 001-2009-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૦ ● અંક નં. ૪

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ    કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી    સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

www.gujaratinformation.net    Phone No. : 079-232-53440

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

### સિનિયર લેક્ચરર તથા લેક્ચરરની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૨-૧-૨૦૧૦**

કેન્દ્રિય પુરસ્કૃત યોજના - ટીચર્સ એજ્યુકેશન હેઠળ જીસીઈઆરટીના નિયંત્રણ હેઠળના રાજ્યના દરેક જીલ્લામાં આવેલા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં જુદી જુદી વિદ્યા શાખાઓમાં સિનિયર લેક્ચરર (પગાર ધોરણ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦) અને લેક્ચરર (પગાર ધોરણ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦)ની ભરતી કરવા માટે નીચે મુજબની જગાઓ માટે લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. સિનિયર લેક્ચરર તથા લેક્ચરરની ખાલી જગ્યાની વિગત

| જગાનું નામ | શાખાનું નામ | | કુલ જગા | કક્ષાવાર જગાઓ | | | | કક્ષાવાર જગાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગાઓ પૈકી વિકલાંગ માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | |
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | PSTE | સિ.લે. | ૧૮ | ૦૭ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૮૪ | ૧૩ | ૦૬ | ૦૮ | ૩૦ | ૦૬ | ૦૩ | ૦૪ | ૧૨ | ૦૨ |
| ૨ | IFIC | સિ.લે. | ૧૪ | ૦૬ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૪૧ | ૧૫ | ૦૨ | ૦૩ | ૦૮ | ૦૭ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૧ |
| ૩. | CMDE | સિ.લે. | ૧૫ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪. | P&M | સિ.લે. | ૧૪ | ૦૬ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૧ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૫. | WE | સિ.લે. | ૧૩ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૮ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬. | ET | સિ.લે. | ૧૩ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૪ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭. | DRU | સિ.લે. | ૧૩ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | સિ.લે. | ૧૦૦ | ૪૨ | ૦૨ | ૧૧ | ૧૫ | ૨૩ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૬૧ | ૩૮ | ૦૯ | ૧૬ | ૪૯ | ૧૮ | ૦૩ | ૦૭ | ૧૮ | ૦૩ |

**પી.એસ.ટી.ઈ. શાખાની જગાઓ વિષયવાર નીચે મુજબ ભરવામાં આવશે.**

| જગાનું નામ | શાખાનું નામ | | કુલ જગા | કક્ષાવાર જગાઓ | | | | કક્ષાવાર જગાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગાઓ પૈકી વિકલાંગ માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | |
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | ગુજરાતી | સિ.લે. | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | હિન્દી | સિ.લે. | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩. | અંગ્રેજી | સિ.લે. | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| ૪. | સંસ્કૃત | સિ.લે. | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૮ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૫. | ગણિત | સિ.લે. | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૯ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬. | વિજ્ઞાન | સિ.લે. | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૮ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૭. | મનોવિજ્ઞાન | સિ.લે. | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૯ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ |
| ૮ | સમાજ | સિ.લે. | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૯ | ચિત્ર | સિ.લે. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૦ | વ્યાયામ | સિ.લે. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | લેક્ચ. | ૧૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ |
| | કુલ | સિ.લે. | ૧૮ | ૦૭ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | | લેક્ચ. | ૮૪ | ૧૩ | ૦૬ | ૦૮ | ૩૦ | ૦૬ | ૦૩ | ૦૪ | ૧૨ | ૦૨ |

**શાખાઓ અને કોડ નંબર**-જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં નીચે દર્શાવેલ શાખાઓ અસ્તિત્વ ધરાવે છે,તે અનુસાર અરજદારે પસંદગી મુજબની શાખા જગ્યા માટે અલગ- અલગ અરજીપત્રક ભરવાનું રહેશે.

| શાખા ક્રમ | શાખાનું નામ | કોડ ક્રમ |
|---|---|---|
| ૧ | પૂર્વ સેવા શિક્ષક / શિક્ષણ શાખા (PSTE) | ૦૧ |
| ૨ | સેવા અંતર્ગત કાર્યક્રમો,ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા (IFIC) | ૦૨ |
| ૩ | પાઠ્યક્રમ,શૈક્ષણિક સામગ્રી,વિકાસ અને મૂલ્યાંકન શાખા (CMDE) | ૦૩ |
| ૪ | પ્રૌઢ શિક્ષણ અને અશાલેય શિક્ષણ માટે જીલ્લા સંસાધન એકમ (DRU) | ૦૪ |
| ૫ | શૈક્ષણિક પ્રૌદ્યોગિક શાખા (ET) | ૦૫ |
| ૬ | કાર્યાનુભવ શાખા (WE) | ૦૬ |
| ૭ | આયોજન અને વ્યવસ્થાપન (P & M) | ૦૭ |

### સિનિયર લેક્ચરર (શ્રેયાન વ્યાખ્યાતા)

❑ **શાખાનું નામ /જગાનું નામ :** પી.એસ.ટી.ઈ.(પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ)શ્રેયાન વ્યાખ્યાતા

◆ **શૈક્ષણિક લાયકાત :** ૧. માન્ય યુનિવર્સિટીના વિનયન અથવા વિજ્ઞાન શાખાના અનુસ્નાતકની પદવી, બાળ મનોવિજ્ઞાન ઈચ્છનીય ૨. માન્ય યુનિવર્સિટીના એમ.એડ. ૫૫ ટકા ગુણ, પ્રારંભિક શાળાના વિષય સાથે ઈચ્છનીય.

◆ **અનુભવ :** ૧. માન્ય શિક્ષણ સંસ્થાનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો શિખવવાનો અનુભવ ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના અનુભવ પૈકી એમ.એડ. પછીનો ઓછામા ઓછા બે વર્ષનો અનુભવ. ૩. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષ પૈકી પ્રારંભિક શાળા અથવા પ્રારંભિક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો વધુ અનુભવ ઈચ્છનીય.

❑ **શાખાનું નામ /જગાનું નામ :** આઈ.એફ.આઈ.સી.(**ક્ષેત્રિય આંતરક્રીયા અને નાવિન્ય અને સંકલન**) શ્રેયાન વ્યાખ્યાતા.

◆ **શૈક્ષણિક લાયકાત :** ૧. માન્ય યુનિવર્સિટીના વિનયન અથવા વિજ્ઞાન શાખાના અનુસ્નાતકની પદવી ૨. માન્ય યુનિવર્સિટીના એમ.એડ. ૫૫ુ ગુણ પ્રારંભિક શાળાના વિષય સાથે ઈચ્છનીય.

◆ **અનુભવ :** ૧. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, શિક્ષક પ્રશિક્ષણ અને શૈક્ષણિક વહીવટ પૈકી કોઈપણ ક્ષેત્રનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ. ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના અનુભવ પૈકી એમ.એડ. પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ. ૩. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષ પૈકી પ્રારંભિક શિક્ષણનો વધુ અનુભવ ઈચ્છનીય.

❑ **શાખાનું નામ /જગાનું નામ :** સી.એમ.ડી.ઈ.(અભ્યાસક્રમ,સાહિત્ય નિર્માણ અને મૂલ્યાંકન)શ્રેયાન વ્યાખ્યાતા

◆ **શૈક્ષણિક લાયકાત :** ૧. માન્ય યુનિવર્સિટીના વિનયન અથવા વિજ્ઞાન શાખાની અનુસ્નાતકની પદવી ૨. માન્ય યુનિવર્સિટીના એમ.એડ. ૫૫ટકા ગુણ પ્રારંભિક શાળામાં સ્પેશ્યલાઈઝેસન ઈચ્છનીય.

◆ **અનુભવ :** ૧. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, પ્રારંભિક શિક્ષણ, શિક્ષક પ્રશિક્ષણ અને શૈક્ષણિક વહીવટ પૈકી કોઈ પણ ક્ષેત્રનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના અનુભવ પૈકી એમ.એડ. પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ.૩. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના પૈકી પ્રારંભિક શિક્ષણ અથવા પ્રારંભિક શિક્ષક પ્રાશિક્ષણ સંસ્થાનો અથવા પાઠ્યક્રમ વિકાસ અથવા પાઠ્યપુસ્તક નિર્માણ અથવા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક કસોટીઓ અને મૂલ્યાંકન ક્ષેત્રમાં વધુ અનુભવ ઈચ્છનીય.

❑ **શાખાનું નામ /જગાનું નામ :** પી.એન્ડ એમ. (આયોજન અને વ્યવસ્થાપન) શ્રેયાન વ્યાખ્યાતા

◆ **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિવર્સિટીની અર્થશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા બિઝનેસ એડમિનીસ્ટ્રેશનની અનુસ્નાતક પદવી૨.માન્ય યુનિવર્સિટીની એમ.એડ.ની પદવી ૫૫ુ ગુણ સાથે શૈક્ષણિક આયોજન અને વ્યવસ્થાપનમાં સ્પેશ્યલાઈઝેસન ઈચ્છનીય અથવા ૨. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન, પ્લાનીગ એન્ડ એડમીનીસ્ટ્રેશન, ન્યુ દિલ્હીનો ડિપ્લોમા ઈન એજ્યુકેશન, પ્લાનીગ એન્ડ એડમીનીસ્ટ્રેશન ૫૫ ટકા ગુણ સાથે.

◆ **અનુભવ :**૧. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, પ્રારંભિક શિક્ષણ, શિક્ષક પ્રશિક્ષણ અને શૈક્ષણિક અથવા પ્લાનીગ મેનેજમેન્ટ સંસ્થાના વહીવટ પૈકી કોઈ પણ ક્ષેત્રનો કુલ પાંચ વર્ષનો અનુભવ, ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના અનુભવ પૈકી એમ.એડ. પછીનો ઓછામાં

➲

ઓછા બે વર્ષનો અનુભવ અથવા શૈક્ષણિક આયોજન અને વ્યવસ્થાપનનો ડિપ્લોમા અને પ્રારંભિક શિક્ષણ અથવા પ્રારંભિક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો ત્રણ વર્ષનો અનુભવ.

- **શાખાનું નામ /જગાનું નામ :** ડબલ્યુ. ઇ.(કાર્યાનુભવ)શ્રેયાન વ્યાખ્યાતા.
- **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી. ૨. માન્ય યુનિવર્સિટીના એમ.એડ ૫૫ ટકા ગુણ સાથે અથવા માન્ય યુનિવર્સિટીની ૫૫ ટકા ગુણ સાથે એમ.સી.એ.(MCA)ની પદવી.
- **અનુભવ :** ૧. માન્ય શિક્ષક તાલીમ સંસ્થામાં સબંધિત વિષયોમાં પાંચ વર્ષનો અનુભવ ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના અનુભવ પૈકી એમ.એડ.ની પદવી અથવા એમ.સી.એ.ની પદવી મેળવ્યા પછીનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ ૩. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષ પૈકી પ્રારંભિક શિક્ષણનો અથવા પ્રાથમિક શિક્ષક તાલીમ સંસ્થાનો વધુ અનુભવ ઇચ્છનીય.
- **શાખાનું નામ /જગાનું નામ :** એજયુકેશનલ ટેકનોલોજી (શૈક્ષણિક પ્રદ્યોગિકી)શ્રેયાન વ્યાખ્યાતા
- **શૈક્ષણિક લાયકાત : ૧ માન્ય યુનિવર્સિટીની માનવવિદ્યા** અથવા સામાજીક વિજ્ઞાન અથવા વિજ્ઞાનની અનુસ્નાતક પદવીર. માન્ય યુનિવર્સિટીના એમ.એડ. ૫૫ ટકા ગુણ. શૈક્ષણિક તકનિકી (ઇટી) અથવા દ્રશ્ય શ્રાવ્ય શિક્ષણ (એવી) અથવા શિક્ષણમાં કોમ્પ્યુટર કૌશલ્યનો ઉપયોગીતા(ઘ્લ્ટ્ર) **સ્પેશ્યાલાઇઝેસન** ઇચ્છનીય
- **અનુભવ :** ૧. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, પ્રારંભિક શિક્ષણ, શિક્ષક પ્રશિક્ષણ અને શૈક્ષણિક વહીવટ પૈકી કોઇપણ ક્ષેત્રનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષના અનુભવ પૈકી એમ.એડ. પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ ૩. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષ પૈકી પ્રારંભિક શિક્ષણ અથવા માન્ય શિક્ષક તાલીમી સંસ્થાનો અથવા દ્રશ્ય શ્રાવ્ય પ્રસ્તુતિ ક્ષેત્રમાં અથવા પ્રત્યાયન અથવા ચલચિત્ર બનાવવાનો અથવા નાટકની રજુઆતનો વધુ અનુભવ ઇચ્છનીય.
- **શાખાનું નામ /જગાનું નામ :** ડીસ્ટ્રીક્ટ રીસોર્સ યુનિટ (જીલ્લા સંસાધન એકમ)શ્રેયાન વ્યાખ્યાતા
- **શૈક્ષણિક લાયકાત :** ૧. માન્ય યુનિવર્સિટીની માનવવિધા અથવા સામાજીક વિજ્ઞાન અથવા વિજ્ઞાનની અનુસ્નાતક પદવીર. માન્ય યુનિવર્સિટીની એમ.એડ.ની પદવી ૫૫ ટકા ગુણ. પ્રૌઢ અને નિરંતર શિક્ષણ ઇચ્છનીય અથવામાન્ય યુનિવર્સિટીની ૫૫ ટકા ગુણ સાથે સામાજીક કાર્ય અથવા સમાજસેવા અથવા સામાજીક વિકાસ અથવા ગ્રામ્ય વિકાસ અથવા ગ્રામ્ય સેવાની અનુસ્નાતક પદવી અને બી.એડ. એમ.એડ. ઇચ્છનીય
- **અનુભવ :** ૧. પ્રૌઢ શિક્ષણ અથવા અવૈધિક શિક્ષણ અથવા વૈકલ્પિક નિરંતર શિક્ષણના કાર્યક્રમોના વહીવટનો પાંચ વર્ષનો અનુભવ. ૨. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષ પૈકી બી.એડ. અથવા એમ. એડ. અને એમ.એસ.ડબલ્યુ. અથવા એમ.આર.એસ.ની પદવી મેળવ્યા પછીના ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ ૩. ઉપર (૧)માં જણાવેલ પાંચ વર્ષ પૈકી પ્રોજેક્ટ ઓફીસર તરીકે અથવા મહિલા સશક્તિકરણ અથવા આવા કાર્યક્રમોમાં ટેકનીકલ સંસાધન સહાય પુરી પાડવાનો વધુ અનુભવ ઇચ્છનીય

**લેકચરર (વ્યાખ્યાતા)**

- **શાખાનું નામ /જગાનું નામ :** પ્રી સર્વીસ ટીચર એજયુકેશન(પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ)વ્યાખ્યાતા (શિક્ષણના મૂળભૂત સિધ્ધાંતો)
- **શૈક્ષણિક લાયકાત :** એમ.એડ.સાથે અનુસ્નાતકની પદવી અથવા એમ.એ. મનોવિજ્ઞાન અને બી.એડ.
- **અનુભવ :** શાળા અથવા શિક્ષક પ્રશિક્ષણ સંસ્થામાં ત્રણ વર્ષનો શિખવવાનો અનુભવ
- **શાખાનું નામ /જગાનું નામ :** પ્રી સર્વીસ ટીચર એજયુકેશન (પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ)વ્યાખ્યાતા ભાષા/ ગણિતશાસ્ત્ર/પર્યાવરણીય શિક્ષણ
- **શૈક્ષણિક લાયકાત :** સબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી(ભાષા/ગણિતશાસ્ત્ર/વિજ્ઞાન /સમાજ વિજ્ઞાન) અને બી.એડ.
- **અનુભવ :** શાળા અથવા શિક્ષક પ્રશિક્ષણ સંસ્થામાં ત્રણ વર્ષનો શિખવવાનો અનુભવ.
- **શાખાનું નામ /જગાનું નામ :** પ્રી સર્વીસ ટીચર એજયુકેશન(પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ)વ્યાખ્યાતા (ભાષા/ગણિતશાસ્ત્ર/પર્યાવરણ શિક્ષણ) કલા (આર્ટ)
- **શૈક્ષણિક લાયકાત :** ફાઇન આર્ટસમાં સ્નાતક તથા માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણમાં પદવી (બી.એડ.)
- **અનુભવ :**શિક્ષણ સંસ્થાનો પાંચ વર્ષનો અનુભવ.
- **શાખાનું નામ /જગાનું નામ :** પ્રી સર્વીસ ટીચર એજયુકેશન (પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ) વ્યાખ્યાતા શારીરિક શિક્ષણ
- **શૈક્ષણિક લાયકાત :**વિજ્ઞાન/વિનયન/વાણિજયના સ્નાતક તથા શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી.
- **અનુભવ :** શિક્ષણ સંસ્થાનો પાંચ વર્ષનો અનુભવ.
- **શાખાનું નામ /જગાનું નામ :** ઇન સર્વીસ ટીચર એજયુકેશન આઇ. એફ. આઇ. સી. ( સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ) વ્યાખ્યાતા
- **શૈક્ષણિક લાયકાત :** અનુસ્નાતક પદવી અને એમ.એડ. એમ.એડ.માં સેવા/નિરંતર શિક્ષણ સ્પેશ્યાલાઇઝેસન તરીકે ઇચ્છનીય.
- **અનુભવ :** શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો ત્રણ વર્ષનો અનુભવ જે પૈકી ઓછામાં ઓછા બે વર્ષની શિક્ષકોની સતત સેવા શિક્ષણ અંતર્ગત કાર્યક્રમોમાં સક્રિય સામેલગીરી જરૂરી.
- **શાખાનું નામ /જગાનું નામ :** કરીકયુલમ અને ઇવેલ્યુએશન સી. એમ. ડી. ઇ. (અભ્યાસક્રમ અને મૂલ્યાંકન)વ્યાખ્યાતા
- **શૈક્ષણિક લાયકાત :** ભાષા અથવા માનવવિદ્યા અથવા સામાજીક વિજ્ઞાન અથવા વિજ્ઞાન અથવા ગણિતશાસ્ત્રની અનુસ્નાતક પદવી અને એમ.એડ. અભ્યાસક્રમ વિકાસ અને મૂલ્યાંકનના વિષય ઇચ્છનીય.
- **અનુભવ :** અભ્યાસક્રમ વિકાસ અને/ અથવા મૂલ્યાંકન કામગીરીનો ત્રણ વર્ષનો પૂર્ણકાલીન અનુભવ / પ્રારંભિક શિક્ષણ અથવા માન્ય શિક્ષક તાલીમ સંસ્થામાં શિખવવાનો અનુભવ ઇચ્છનીય
- **શાખાનું નામ /જગાનું નામ :** પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ પી. એન્ડ એમ. (આયોજન અને વ્યવસ્થાપન) વ્યાખ્યાતા
- **શૈક્ષણિક લાયકાત :** અર્થશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા જાહેર વહીવટ અથવા શિક્ષણમાં વિનયનના અનુસ્નાતક અથવા એમ.કોમ. અને એમ.એડ. પ્લાનીગ અથવા મેનેજમેન્ટ અથવા વહીવટ સાથે સ્પેશ્યાલાઇઝેસન ઇચ્છનીય.
- **અનુભવ :** ત્રણ વર્ષ આયોજન અને વહીવટના ક્ષેત્રમાં અનુભવ શૈક્ષણિક આયોજન અને વહીવટમાં ઇચ્છનીય.
- **શાખાનું નામ /જગાનું નામ :** વર્ક એક્સપીરીયન્સ ડબલ્યુ. ઇ. (કાર્યાનુભવ)વ્યાખ્યાતા.
- **શૈક્ષણિક લાયકાત :** વિજ્ઞાન અથવા સામાજીક કાર્ય અથવા બાળમનોવિજ્ઞાન અથવા ખેતી અથવા ગૃહ વિજ્ઞાન અથવા વાણિજયના અનુસ્નાતક અને શિક્ષણની ડીગ્રી (બી.એડ.) અથવા માન્ય યુનિવર્સિટીની એમ.સી.એ.ની પદવી અથવા માન્ય યુનિવર્સિટીની સ્નાતકની પદવી અને માન્ય યુનિવર્સિટીની પી.જી.ડી.સી.એ.ની પદવી.
- **અનુભવ :** શિક્ષક તાલીમી સંસ્થા અથવા માધ્યમિક શાળા અથવા બાલ ભવનના વ્યવસાયિક શિક્ષણના સબંધિત કાર્યાનુભવ વિસ્તારમાં પાંચ વર્ષનો પૂર્ણકાલીન અનુભવ.
- **શાખાનું નામ /જગાનું નામ :** એજયુકેશનલ ટેકનોલોજી ઇ. ટી. (શૈક્ષણિક પ્રદ્યોગિકી) વ્યાખ્યાતા
- **શૈક્ષણિક લાયકાત :** અનુસ્નાતક પદવી અને એમ.એડ. એજયુકેશનલ ટેકનોલોજી વિષય ઇચ્છનીય. અથવા એજયુકેશન ટેકનોલોજીના ડિપ્લોમા / પ્રમાણપત્ર સાથે બી.એડ.
- **અનુભવ :** ત્રણ વર્ષનો શિક્ષક તાલીમી સંસ્થાનો અનુભવ અથવા એજયુકેશનલ મીડીયાના વ્યવસ્થાપન તાલીમ અથવા સંશોધનનો અનુભવ વ્યવસ્થાપન તાલીમનો અનુભવ ઇચ્છનીય
- **શાખાનું નામ /જગાનું નામ :** ડીસ્ટ્રીક્ટ રીસોર્સ યુનિટ ડી. આર. યુ. (જીલ્લા સંસાધન એકમ)વ્યાખ્યાતા.
- **શૈક્ષણિક લાયકાત :** અનુસ્નાતક પદવી અને શિક્ષણની પદવી અથવા અશાલેય શિક્ષણ અથવા સામાજીક વિકાસમાં ડિગ્રી
- **અનુભવ :** માન્ય સંસ્થામાં પાંચ વર્ષનો શિખવવાનો, સંશોધન, વિસ્તરણ, પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણનો વહીવટ તથા અમલવારી અથવા કાર્યક્રમ અથવા પ્રૌઢ શિક્ષણ/ અશાલેય શિક્ષણની માન્ય સંસ્થામાં સાધનિક સહાય પુરી પાડવી.

**નોંધ :-** * વર્ક એક્સપીરીયન્સની જગા માટે અનુસ્નાતક પદવી એમ.એડ.ના વિકલ્પે એમ.સી.એ. અથવા પી.જી.ડી.સી.એ.ની લાયકાત ધરાવતા ઉમેદવાર ૫૦ ટકા ગુણમાંથી ગુણ મેળવવાપાત્ર રહેશે.

** લાયકાત માટેનો નિયત અનુભવ પૂર્ણ કર્યા બાદ ઉમેદવાર પ્રત્યેક પૂરા થતા વર્ષ માટે અનુભવનો ૧ (એક) ગુણ મેળવવા પાત્ર ઠરશે.

- **અરજી પત્રક મેળવવા તથા પરત આપવા સબંધી સૂચનાઓ સૂચનાઓ**
- લેક્ચરરની જગ્યા માટે અરજદારે એમ.એડ. સિવાયની તમામ પદવીઓ બીજા વર્ગમાં પાસ કરેલી હોવી જોઇએ.
- અરજીપત્રકનો નમૂનો તથા ભરતી સબંધી વિગતો જીસીઇઆરટીની વેબસાઇટ **www.gcert.gujarat.gov.in** ઉપર મૂકવામાં આવેલ છે. અરજીપત્રક રૂ. ૫૦/- રોકડા ચૂકવ્યેથી રાજયમાં આવેલ કોઇ પણ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાંથી તા.૦૮/૦૧/૨૦૧૦ સુધી કચેરી સમય દરમ્યાન (રજાના દિવસો સિવાય) મળી શકશે.મની ઓર્ડર, ચેક કે ડ્રાફ્ટ સ્વીકારવામાં આવશે નહી તેમજ ટપાલ મારફતે અરજી પત્રક મોકલવામાં આવશે નહી.
- ભરેલા અરજીપત્રકો રજી.એડી પોસ્ટથી **સચિવશ્રી, જીસીઇઆરટી કચેરી, વિદ્યાભવન, સેક્ટર-૧૨ ગાંધીનગરને તા.૧૨/૦૧/૨૦૧૦** સુધીમાં મળી જાય તે રીતે
મોકલી આપવાના રહેશે.રૂબરૂ કે કુરીયર મારફતે અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.
- જે અરજદારોના નામ યુનિવર્સિટી રોજગાર બ્યુરોમાં નોંધાયેલ હોય તેવા અરજદારોએ પણ અત્રેથી નિયત કરેલ નિયત નમુનાના અરજીપત્રકમાં જ અરજી કરવાની રહેશે.
- ફોર્મ સાથે આપેલ કવરમાં અરજદારે અરજીપત્રક બીડાણો સહ મોકલી આપવાનું રહેશે.
- અરજદાર જે જગ્યા માટે અરજી કરતા હોય તે જગ્યાનું નામ તથા શાખાનો કોડ નં. કવર ઉપર સુવાચ્ય અક્ષરે દર્શાવવાનો રહેશે.
- નિયત મુદત બાદ મળેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી અને તે અંગે કોઇ પત્રવ્યવહાર કરવામાં આવશે નહી.
- ભરતી, ઇન્ટરવ્યુ, નિમણૂક તથા અન્ય બાબતોને લગતી સૂચનાઓ અરજી પત્રક સાથે આપવામાં આવેલ છે.

## સિનીયર લેક્ચરર તથા લેક્ચરરની ની જગા માટેની ગુણાંકન પધ્ધતિ

**લાયકાતના ટકા**

| એચ.એસ.સી. | | સ્નાતક પદવી | અનુસ્નાતક પદવી | બી.એડ. | એમ.એડ. એમ.સી.એ* પી.જી.ડી.સી.એ* | એમ.ફીલ | પીએચ.ડી. | અનુભવ ** | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પ્રાથમિક શાળા અથવા પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો અનુભવ | કોલમ-૮ સિવાય અન્ય માન્ય શૈક્ષણિક સંસ્થાનો અનુભવ | કોલમ ૧થી ૯નો સરવાળો |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સિ.લે. | ૧૦% | ૧૫ % | ૨૫% | ૧૫% | ૨૫% | ૦૨ | ૦૩ | ૦૩ | ૦૨ | ૧૦૦% |
| લેક્ચ. | ૧૦% | ૧૦% | ૨૫% | ૨૦% | ૨૫% | ૦૨ | ૦૩ | ૦૩ | ૦૨ | ૧૦૦% |

## ધી ઈંગ્લીશ એન્ડ ફોરેન લેંગ્વેજીસ યુનિવર્સિટી : હૈદરાબાદ

### ફર્સ્ટ નેશનલ લેવલ ઈંગ્લીશ પ્રોફીશીયન્સી ટેસ્ટ

તમે અંગ્રેજીમાં કેવી નિપૂણતા ધરાવો છો તે કેવી રીતે જાણી શકાય ? તેનો માપદંડ હવે તૈયાર થઇ ગયો છે. હૈદરાબાદની ધી ઈંગ્લીશ એન્ડ ફોરેન લેંગ્વેજીસ યુનિવર્સિટી (EFL-U) ની ઓલ ઈન્ડીયા ઈંગ્લીશ લેંગ્વેજ ટેસ્ટીંગ ઓથોરીટી દ્વારા અંગ્રેજી જાણકારોનું પાણી માપવામાં આવશે એટલે કે, અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ ચકાસવામાં આવશે. તેનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

EFL-U કે જે માત્રને માત્ર અંગ્રેજી અભ્યાસને સમર્પિત છે. યુનિવર્સિટી દ્વારા અંગ્રેજી ભાષા પરની હથોટી ચકાસવા દેશમાં સૌ પ્રથમવાર રાષ્ટ્રિય કક્ષાની અંગ્રેજી પ્રોફીશીયન્સી ટેસ્ટ યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે.

આ ટેસ્ટ EFL-U નાં નિષ્ણાત અધ્યાપકો તજજ્ઞો દ્વારા વિકસાવવામાં આવી છે. જેમાં રોજબરોજ વાસ્તવિક જીવનમાં ઉપયોગમાં લેવાતી, શૈક્ષણિક અને કાર્યસ્થળોએ પ્રયોજાતી અંગ્રેજી ભાષાને આવરી લઇ વ્યક્તિની નિપૂણતા ચકાસવામાં આવશે. આ ટેસ્ટ માટે કોઇ નિર્ધારીત અભ્યાસક્રમ કે કોર્સ નક્કી કરવામાં આવ્યો નથી. ટેસ્ટ આપનાર ૧૬ વર્ષથી વધુ ઉંમરના ઉમેદવારને EFL-U દ્વારા પ્રોફીશીયન્સી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

- **ટેસ્ટ યોજાવાનો દિવસ :**

  ૨૮-૨-૨૦૧૦ (રવિવાર).

- **ટેસ્ટ માટેની ફી :**

  સામાન્ય વર્ગ માટે રૂા. ૧૫૦૦. અ.જા./અ.જ.જા. માટે રૂા. ૭૫૦. વિદેશી નાગરિક માટે રૂા. ૨૦૦૦.

- **ટેસ્ટ માટેના કેન્દ્રો :**

  ઉમેદવારોની સંખ્યાના આધારે મહદ્ અંશે જે તે રાજ્યના પાટનગરવાળા શહેરમાં ટેસ્ટ યોજાશે.

- **અરજી કેવી રીતે કરશો :**

  ઉમેદવારે અરજી ફોર્મ અને હેન્ડ બુક મેળવવા માટે સ્વયંનું નામ અને સરનામું તથા 'The Registrar, EFL-U, Hyderabad' ના નામનો રૂા. ૧૦૦નો ડી. ડી. સાથે રાખી 'The Publication Unit, English and Foreign Languages University, Hyderabad - 500 605' ના નામે મોકલી આપવાનો રહેશે.

**ટેસ્ટ ફી સાથે ભરેલા અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦-૧-૨૦૧૦ છે.**

વધુ જાણકારી માટે EFL-U ની વેબસાઇટ **www.efluniversity.ac.in.** જોવી.

રજીસ્ટ્રાર.

## પરિણામ જાહેર

### સ્ટાફ સિલેકશન કમિશન

- **સેન્ટ્રલ પોલીસ ઓર્ગેનિઝેશન્સ સબ ઈન્સ્પેકટર એકઝામિનેશન-૨૦૦૮ લેખિત પરીક્ષાનું પરિણામ.**
- **સેકશન ઓફિસર (કોમર્શીયલ ઓડિટ) એકઝામિનેશન-૨૦૦૯ની લેખિત પરીક્ષાનું પરિણામ.**
- **સેન્ટ્રલ પોલીસ ઓર્ગેનિઝેશન સબ ઈન્સ્પેકટર એકઝામિનેશન-૨૦૦૯ P.E.T. માટે લાયક ઉમેદવારોનું લીસ્ટ.**

*(વિગતવાર પરિણામ માટે તા. ૧૯-૧૨-૦૯ નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક જોવો)*

## વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા

(ઈન્ડિયન વેટરનરી કાઉન્સિલ ધારા, ૧૯૮૪ની જોગવાઈ હેઠળ સ્થાપિત ભારત સરકારનું કાયદાકીય મંડળ)

### ઓલ ઈન્ડિયા પ્રિ-વેટરનરી ટેસ્ટ - ૨૦૧૦

**શૈક્ષણિક સેશન ૨૦૧૦-૨૦૧૧ માટે બી.વી.એસસી. અને એ. એચ. કોર્ષમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે ભારતના નાગરિકો પાસેથી (જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય) ભારતમાં દરેક સરકારી વેટરનરી કોલેજમાં મેરીટ ધોરણે કુલ સીટોની ૧૫ ટકા સીટો ભરવા માટે પ્રવેશ પરીક્ષા માટે વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અરજીઓ મગાવવામાં આવે છે.**

નોંધ : ***જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં ઈન્ડિયન વેટરનરી કાઉન્સિલ ધારા, ૧૯૮૪ની જોગવાઈ સ્વીકારી ન હોવાથી જમ્મુ અને કાશ્મીર રાજ્યના વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં હાજર રહી શકશે નહિ. વિગતો માહિતી બુલેટિન/વેબસાઈટ પર જોઈ શકાશે.***

❑ **પરીક્ષાની તારીખ અને સ્થળ :**

માહિતી બુલેટિનમાં દર્શાવેલ કેન્દ્રો (શહેરો) ખાતે
શનિવાર, તા. ૮-૫-૨૦૧૦ (સમય ૨ થી ૫)

❑ **કોર્ષનો ગાળો :** બી.વી.એસસી. અને એ.એચ. કોર્ષનો ગાળો છ માસની ફરજિયાત રોટેટિંગ ઈન્ટર્નશીપ સહિત પાંચ સંપૂર્ણ શૈક્ષણિક વર્ષમાં ફેલાયેલ છે.

❑ **યોગ્યતા માપદંડ :**

**ક્વોલિફાઈંગ પરીક્ષા :**

(૧) ઉમેદવારે હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે અથવા ૧૦+૨ હાયર સેકન્ડરી પરીક્ષા સમકક્ષ ઈન્ડિયન સ્કુલ સર્ટિફિકેટ પરીક્ષા (૧૨ વર્ષના શિક્ષણ બાદ) પાસ કરેલ હોવું જોઈશે. જેમાં છેલ્લા બે વર્ષમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને વેટરનરી શિક્ષણ ડિગ્રી કોર્ષ (બી.વી.એસસી. અને એ.એચ.) રેગ્યુલેશન્સ, ૧૯૯૩ના લઘુત્તમ સ્ટાન્ડર્ડસ-વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં દર્શાવ્યા મુજબ સમકક્ષ લાયકાત અથવા શૈક્ષણિક રિસર્ચ અને ટ્રેનિંગ માટે રાષ્ટ્રિય કાઉન્સિલમાં દર્શાવ્યા મુજબ અંગ્રેજી માટે કોર કોર્ષથી ઓછા લેવલનું ના હોય.

**અથવા**

ઉમેદવારે નીચેના વિષયોમાંથી બે થી ઓછા નહિ તેવા વિષયો સાથે બી.એસસી. પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ-ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી (બોટની/ ઝુલોજી) અને નીચેના વિષયો સાથે હાલમાં ક્વોલીફાઈંગ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે. ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી.

(૨) પ્રવેશ પરીક્ષામાં હાજર રહેવા માટે, ઉમેદવારે ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજીમાં કુલ માર્કના ૫૦ ટકા થી ઓછા નહિ સાથે ક્વોલિફાઈંગ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે. સમયાંતરે સરકારે દર્શાવેલ મુજબ એસસી/એસટી અથવા અન્ય કોઈ વિશિષ્ટ કેટેગરીના ઉમેદવારોએ સામાન્ય કેટેગરીના દર્શાવેલથી ૧૦ ટકા ઓછાએ ક્વોલિફાઈંગ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે.

(૩) જે ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષા પહેલા ક્વોલિફાઈંગ કસોટી પાસ કરેલ હોય અથવા જેઓ પરિણામની રાહ જોતા હોય તેઓ પણ અરજી કરી શકશે અને પરીક્ષા આપી શકશે પરંતુ તે/તેણીએ ૩૦ જૂન, ૨૦૧૦ પહેલા ઉપર દર્શાવ્યા મુજબ જરૂરી માર્કના ટકા સાથે ક્વોલિફાઈંગ પરીક્ષા પાસ કરેલ ના હોય તો તે બી.વી. એસસી. અને એ.એચ. કાર્યક્રમમાં પ્રવેશ માટે લાયક ઠરશે નહિ અને તે જો પસંદગી પામશે તો કાઉન્સિલીંગ દરમિયાન દસ્તાવેજી પુરાવો જમા કરાવવાનો રહેશે.

(૪) **વય :** (૧) ઉમેદવારની વય ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સત્તર (૧૭) વર્ષની હોવી જોઈશે.

(૫) **માહિતી બુલેટિન અને અરજી પત્રક વેચાણ માટેની વ્યવસ્થા :**

કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન કચેરી, વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, 'એ' વિંગ, ૨જો માળ, ઓગસ્ટ ક્રાંતિ ભવન, ભિકાજી કામા પ્લેસ, નવી દિલ્હી-૧૧૦૦૬૬ ખાતેથી કોઈપણ શીડ્યુલ્ડ બેંકના ''વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા''ની તરફેણમાં નવી દિલ્હી ખાતે ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટના રૂપમાં સામાન્ય કેટેગરી માટે **રૂા. ૮૫૦/-** અને એસસી/એસટી કેટેગરી માટે **રૂા. ૫૦૦/-** (પરીક્ષા ફી, હેન્ડલિંગ અને અન્ય ચાર્જિસ સહિત) ચૂકવ્યેથી ટપાલ દ્વારા માહિતી બુલેટિન અને અરજી પત્રક મેળવી શકાશે. માહિતી બુલેટિન અને અરજીપત્રકની વિનંતી કરતી વખતે ઉમેદવારે ડિમાન્ડ ડ્રાફ્ટ (રોકડા/મનીઓર્ડર/ ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર/ચેક અથવા અન્ય કોઈ રૂપમાં ચૂકવણી સ્વીકારાશે નહિ. જાહેરાત તારીખ પહેલાનો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારાશે નહિ) અને પિનકોડ સાથે સંપૂર્ણ સરનામા (કેપિટલ અક્ષરોમાં) સાથે બે કોરા કાગળની સ્લીપ્સ મોકલવી.

- વિજ્યા બેંકની નીચેની શાખાઓ ખાતેથી રોકડા ચૂકવ્યેથી રૂબરૂમાં માહિતી બુલેટિન અને અરજી પત્રક મેળવી શકાશે. (સામાન્ય કેટેગરીના કિસ્સામાં રૂા. ૮૦૦/- અને એસસી/એસટી કેટેગરી માટે રૂા. ૪૦૦/-)

**મધ્ય પ્રદેશ :** વિજ્યા બેંક, ૧૧૧, લક્ષ્મી નિવાસ, સિંધી કોલોની, બેરાસીયા રોડ, ભોપાલ.

**મહારાષ્ટ્ર :** વિજ્યા બેંક, ૮૧, હિલ રોડ, બાંદ્રા (પ), મુંબઈ.

**રાજસ્થાન :** (૧) વિજ્યા બેંક, પો.બો. નં. ૨૩, અહિંસા સર્કલ, સુભાષ માર્ગ, જયપુર.

**નોંધ :** *ઉમેદવાર દ્વારા આપેલ સરનામું ખોટું/અપૂર્ણ અથવા ટપાલને કારણે માહિતી બુલેટિન અને અરજી પત્રક ન મળવા કે વિલંબ થવા માટે કાઉન્સિલ જવાબદાર રહેશે નહિ.*

- **રૂબરૂ/ટપાલ દ્વારા માહિતી બુલેટિન અને અરજીપત્રક વેચાણની છેલ્લી તારીખ : ૧૫-૨-૨૦૧૦.**
- વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની કચેરી સિવાય બેંક/ કાઉન્ટરના વેચાણ કાઉન્ટર ટપાલ દ્વારા માહિતી બુલેટીન મોકલી શકશે નહિ. તેમ છતાં, ટપાલ દ્વારા માહિતી બુલેટિન અને અરજી પત્રક મોકલવા માટે બેંક/અન્ય કાઉન્ટરને વિનંતી કરી શકશે.
- બેંક/દર્શાવેલ કેન્દ્રો ખાતેથી ફોર્મ ઉપલબ્ધ નહિ થવા માટે વિજ્યા બેંક અથવા તેની શાખા અને દર્શાવેલ સેલ કાઉન્ટર્સ (સ્ટેટ વેટરનરી કાઉન્સિલ અને યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ. કોઈપણ શાખાએથી અંતિમ તારીખ પહેલા અરજી પત્રક વેચાઈ ગયાના કિસ્સામાં અને તે વિજ્યા બેંક/દર્શાવેલ કાઉન્સિલના સેન્ટર ખાતે ઉપલબ્ધ ના હોવાના કિસ્સામાં ઉમેદવાર ઉપર દર્શાવ્યા મુજબ ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલીને વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની કચેરી, ''એ'' વિંગ, ૨જો માળ, ઓગસ્ટ ક્રાંતિ ભવન, ભિકાજી કામા પ્લેસ, નવી દિલ્હી-૬૬ ખાતેથી મેળવી શકાશે. ડિમાન્ડ ડ્રાફ્ટ સાથેની વિનંતી **૧૫-૨-૨૦૧૦** પહેલા કાઉન્સિલની કચેરી ખાતે પહોંચવી જોઈશે.
- વેચાણ બંધ થવાની તારીખ બાદ માહિતી બુલેટિન અને અરજી પત્રક ખરીદ સંદર્ભમાં કોઈ પત્રવ્યવહાર કરાશે નહિ. સામાન્ય ઉમેદવારો જો એસસી/એસટી કેટેગરી માટેની અરજી કરશે તો નકારાશે.
- **અરજી જમા કરાવવાની અંતિમ તારીખ :** સંપૂર્ણ ભરેલ અને સહી કરેલ અરજીફોર્મ કાઉન્સિલની કચેરી ખાતે **તા. ૨૨-૨-૨૦૧૦** પહેલા પહોંચવી જોઈશે. અંતિમ તારીખ બાદ મળેલ પત્રક ગણતરીમાં લેવાશે નહિ. અરજી ફોર્મ સ્પીડ પોસ્ટ/રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા જ મોકલવા.
- ઓન લાઈન અરજી : ઉમેદવાર કાઉન્સિલની વેબસાઈટ **www.vci-india.in** ઉપર તા. ૧૫-૨-૨૦૧૦ સુધીમાં ઓન લાઈન અરજી પણ કરી શકે છે. ઓન લાઈન અરજી કરનાર ઉમેદવારે ત્યારબાદ તેની પ્રિન્ટ આઉટ કાઢી જરૂરી ફી (સામાન્ય/અ.પ.વ. માટે રૂા. ૮૦૦, અ.જા./અ.જ.જા. માટે રૂા. ૪૦૦નો ડી.ડી.) સાથે દર્શાવેલ સરનામે તા. ૨૨-૨-૨૦૧૦ સુધીમાં અરજી સ્પીડ પોસ્ટ/રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલી આપવાની રહેશે.

●

**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર.**

બ્લોક નં.૧, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# આચાર્ય વર્ગ-૨ની કરાર આધારીત ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫-૧-૨૦૧૦**

રોજગાર અને તાલીમ નિયામક, ગાંધીનગરના તાબા હેઠળ કાર્યરત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ગુજરાતમાં જુદાજુદા જિલ્લાઓ અને તાલુકાઓમાં જુદાજુદા વ્યવસાયોમાં વ્યવસાયલક્ષી તાલીમ આપવાની કામગીરી કરે છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આચાર્ય વર્ગ-૨ની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલે છે. જ્યાં સુધી આ જગ્યાઓ નિયમિત નિમણૂકથી ન ભરાય ત્યાં સુધી નીચે મુજબની આચાર્ય વર્ગ-૨ની જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત ભરવાની થાય છે.

❑ **સંખ્યા : ૬૩**

**કક્ષાવાર જગ્યાઓ :**

| બિ.અ. | અ.જા. | અ.જ.જા. | સા.શૈ.પ.વ. |
|---|---|---|---|
| ૩૦ | ૦૪ | ૧૦ | ૧૭ |

**કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત**

| બિ.અ. | અ.જા. | અ.જ.જા. | સા.શૈ.પ.વ. |
|---|---|---|---|
| ૧૦ | ૦૧ | ૦૩ | ૦૬ |

**કુલ જગ્યાઓ પૈકી પી.એચ. : ૦૨**

❑ **નોંધ :**

♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તા.૧-૪-૦૯ અથવા તે પછીનું ક્રિમીલીયર સર્ટિફીકેટ રજૂ કરવાનું રહેશે.

♦ જો મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે મહિલા ઉમેદવારો ઉપલબ્ધ થશે નહિ તો તે જગ્યાઓ તેજ કેટેગરીના પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

❑ **માસિક વેતન :-** રૂા.૧૨,૦૦૦/-પ્રતિ માસ ઉચ્ચક માનદ વેતન.

❑ **જરૂરી શૈક્ષણિક લાયકાત :-**

♦ ઉમેદવારે ઇજનેરી સ્નાતક અથવા ટેકનોલોજીની પદવી અન્ય સ્થાપિત યુનિવર્સિટીમાંથી અથવા ભારતના કેન્દ્ર અથવા રાજ્ય સરકાર હેઠળ માન્યતા મેળવેલ હોય અથવા અન્ય કોઇ માન્ય સંસ્થાનો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ધારા ૧૯૫૬ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટીનો દરજ્જો મેળવેલ હોય તેવી યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇએ અથવા તેની સમકક્ષ લાયકાત.

**અથવા**

♦ ઉમેદવાર સરકાર માન્ય સંસ્થાનો પ્રથમ વર્ગ સાથે ઉત્તિર્ણ થયેલ ડિપ્લોમા ઇજનેરી અથવા ટેકનોલોજીની લાયકાત ધરાવતો હોવો જોઇએ.

❑ **અનુભવ :-**

જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ વિશાળ તાલીમી વર્કશોપ અથવા ઉત્પાદન સાથે સંકળાયેલ કારખાનાનો અથવા માન્ય તાંત્રિક તાલીમ આપતી સંસ્થાનો સુપરવાઇઝરી કક્ષાનો ડિગ્રી હોલ્ડર ઉમેદવાર માટે ૦૨ વર્ષનો અનુભવ અને ડિપ્લોમા હોલ્ડર ઉમેદવાર માટે ૦૫ વર્ષનો અનુભવ હોવો જોઇએ.

❑ **ઉંમર :**

૨૨ વર્ષથી ઓછી નહિ અને ૩૦ વર્ષથી વધુ નહિ (સરકારશ્રીના નિયમોનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને વય-મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.)

❑ **અન્ય જરૂરીયાત :**

♦ ગુજરાતી અને હિન્દી અથવા બંને ભાષાઓનું પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે.

♦ ઉમેદવાર Course on Computer concept of DOACC Society ની સમકક્ષ કોમ્પ્યુટરની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.

આ નિમણૂક કરાર આધારિત ૧૧ માસના સમય માટે અથવા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ઉમેદવારોની ફાળવણી કરવામાં આવે તે બંને પૈકી જે વ્હેલું હોય ત્યાં સુધીની રહેશે. ત્યારબાદ કરાર આધારિત નિમણૂક આપો આપ સમાપ્ત થયેલ ગણાશે.

બોલીઓ અને શરતો સાથેનું અરજીપત્રક આ ખાતાની વેબસાઇટ : www.talimrojgar.org ઉપરથી મેળવી શકાશે. શૈક્ષણિક લાયકાત, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો સાથેનું અરજીપત્રક **આ કચેરી ખાતે તા.૧૫-૧૦-૨૦૧૦ સુધી** મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે.

*- નિયામક* ●

*ભારતીય નૌકાદળ*

# પરમેનન્ટ કમિશન સાથે 'નેવી'માં એજ્યુકેશન ઓફિસર બનો

**ભારતીય નૌકાદળની શૈક્ષણિક શાખામાં પરમેનન્ટ કમિશન્ડ ઑફિસર તરીકે જોડાવા માટે જુલાઇ-૨૦૧૦માં નેવલ એકેડમી ઇઝીમાલા, કેરાલા ખાતે શરૂ થતા કોર્સ માટે ભારતીય અપરીણિત પુરૂષ નાગરિક ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૮-૧-૨૦૧૦**

❑ **યોગ્યતાની શરતો :**

❑ **વયમર્યાદા :**

ઉમેદવારની **વય ૨૧ થી ૨૫ વર્ષ** એટલે કે તા. ૨જી જુલાઇ, ૧૯૮૫ અને તા. ૧લી જુલાઇ, ૧૯૮૯ (બન્ને દિવસો સહિત) ની વચ્ચે જન્મેલા હોવા જોઇએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ ઉમેદવાર મિકેનિકલ/ઇલેક્ટ્રોનિક્સ/ઇલેક્ટ્રિકલ/કોમ્પ્યુટર સાયન્સ/આઇ.ટી./ટેલિ કોમ્યુનિકેશન પૈકી કોઇ એક શાખામાં ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે બી.ઇ./બી.ટેક. અને બી.ઇ./બી.ટેક. (EEE/ECE) હોવો જોઇએ **અથવા**

♦ નીચે પૈકી કોઇ એકમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સાથે અનુસ્નાતક હોવા જોઇએ ફિઝિક્સ (બી.એસ.સી.માં મેથ્સ સાથે), મેથ્સ (બી.એસ.સી.માં ફિઝિક્સ સાથે), કેમેસ્ટ્રી, કોમ્પ્યુટર એપ્લીકેશન (બી.એસ.સી.માં મેથ્સ/ફિઝિક્સ), કોમ્પ્યુટર સાયન્સ (બી.એસ.સી.માં ફિઝિક્સ/મેથ્સ), આઇ.ટી., અંગ્રેજી અને હિસ્ટરી.

***નોંધ : બી.ઇ./બી.ટેક. અથવા અનુસ્નાતક પરીક્ષા પાસ કરી ન હોય (અંતિમ વર્ષની પરીક્ષામાં બેઠા હોય) તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં. તેમની અરજી રદ કરાશે.***

❑ **શારીરિક ધોરણો :**

**ઊંચાઇ અને વજન :**

(૧) પુરૂષો માટે ન્યૂનતમ ૧૫૭ સે.મી. ઊંચાઇ અને તેને અનુરૂપ વજન

(૨) દૃષ્ટિ : ૬/૬૦, ૬/૬૦, ચશ્માં સાથેની સુધારેલી દૃષ્ટિ બન્ને આંખોમાં ૬/૬. ચશ્મા સાથે ૬/૧૨.

(૩) ઉમેદવાર રંગ/રાત્રી અંધત્વ ધરાવતા ન હોવા જોઇએ.

❑ **અરજી કેવી રીતે કરવી ?**

અરજી વિજ્ઞાપનમાં આપેલ અરજીપત્રકમાં નિયત નમૂના પ્રમાણે એ-જ સાઇઝના કાગળમાં ટાઇપ કરાવી અથવા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરી તેની બધી વિગતો સંપૂર્ણ રીતે ભરીને તેમજ અરજીપત્રકના પરબીડિયાં ઉપર **"PC (EDUCATION) JUL.-2010 COURSE, Educational Qualification, Aggregate percentage ......%"** એમ સ્પષ્ટ રીતે દર્શાવીને નીચેના સરનામે **તા. ૧૮-૧-૨૦૧૦**ના રોજ કે તે પહેલાં પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે.

**POST BAG NO. 04,**
**NIRMAN BHAVAN PO.**
**NEW DELHI-110 011.**

❑ **પસંદગી પદ્ધતિ :**

♦ તારવણી બાદ યોગ્ય પસંદગી યાદી પ્રમાણેના ઉમેદવારોને જાન્યુઆરી-૨૦૧૦ થી જૂન-૨૦૧૦ દરમિયાન સર્વિસ સિલેકશન બોર્ડ (એસ. એસ. બી.) બેંગ્લોર, ભોપાલ અથવા કોઇમ્બતુર ખાતે ઇન્ટરવ્યૂ માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ શારીરિક પરીક્ષણ કરાશે.

♦ એસ. એસ. બી.ના ઇન્ટરવ્યૂનો સમયગાળો પાંચ દિવસનો રહેશે. જે પૈકી પ્રથમ દિવસે પ્રથમ તબક્કો અને બાકીના ચાર દિવસ બીજો તબક્કો યોજાશે. પ્રથમ તબક્કામાં ઇન્ટેલીજન્સ ટેસ્ટ, ચિત્રની ઓળખ અને ગ્રુપ ડિસ્કશન યોજાશે. પ્રથમ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારોને તેજ દિવસે પરત મોકલી દેવાશે. બીજા તબક્કામાં મનોવૈજ્ઞાનિક કસોટી, ગ્રુપ ટાસ્ક ટેસ્ટ અને ઇન્ટરવ્યૂ યોજાશે.

♦ જે ઉમેદવારો પ્રથમવાર એસ. એસ. બી.નું ઇન્ટરવ્યૂ આપતા હોય તેઓને સેકન્ડ ક્લાસ સ્લીપરનું પરત જવા માટેનું બીજા વર્ગનું રેલવે ભાડું મળવાપાત્ર છે.

♦ જે ઉમેદવારો ઇન્ટરવ્યૂમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તેઓની તબીબી તપાસ કરવામાં આવશે.

♦ એસ. એસ. બી. દ્વારા ભલામણ કરાયેલા અને તબીબી તપાસમાં યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને ખાલી જગાઓના પ્રમાણમાં મૂળ પ્રમાણપત્રોની ચકાસણી બાદ અને ગુણવત્તા યાદી અનુસાર તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **તાલીમ :**

♦ તાલીમ જુલાઇ-૨૦૧૦માં શરૂ થશે.

♦ ઉમેદવારોને સબ-લેફ્ટનન્ટ ઑફિસર કક્ષામાં મૂકવામાં આવશે. તેમણે નેવલ ઓરિયેન્ટેશન કોર્સ, નેવલ એકેડેમી, ઇઝીમાલા, કેરાલા ખાતે કરવો પડશે. ત્યારબાદ નેવલ ટ્રેનિંગ એસ્ટાબ્લિસમેન્ટ /શિપ/યુનિટ ખાતે વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે.

♦ તાલીમ દરમિયાન અધિકારીને પૂરો પગાર અને ભથ્થાં મળવાપાત્ર છે. શરૂઆતમાં અધિકારીને બે વર્ષના સમયગાળા માટે અજમાયશી ધોરણે નિમણૂક અપાશે. સમયગાળા દરમિયાન અયોગ્ય જણાયેલા ઉમેદવારોની સેવા સમાપ્ત કરવામાં આવશે.

♦ માત્ર અપરીણિત ઉમેદવારો જ તાલીમને પાત્ર ઠરશે. જો કોઇ ઉમેદવાર પરણિત હશે કે તાલીમ દરમિયાન લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તાલીમ દરમિયાન તેઓના માટે સરકારે ભોગવેલો તમામ ખર્ચ તેઓના પગાર સહિત તમામ રકમ ઉમેદવારોએ ભરપાઇ કરવાની રહેશે.

❑ **એજ્યુકેશન ઓફિસરની ફરજો :**

➤ એજ્યુકેશન ઓફિસરે ટેક્નિકલ વિષયોના થિયરીકલ પાસાઓને આવરી લઇ પદ્ધતિસરનું શિક્ષણ આપવાની જવાબદારી અદા કરવાની છે.

➤ તદ્ ઉપરાંત એક નેવલ ઓફિસર તરીકે એજ્યુકેશન ઓફિસરે વિવિધ તાલીમ સંસ્થાઓ જેવી કે નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, નેશનલ ડિફેન્સ એકેડેમી, નેવલ એકેડેમી અને અન્ય સંસ્થાઓમાં ઓફિસરો અને ખલાસીઓને તાલીમની વધારાની જવાબદારી નિભાવવાની છે.

❑ **ભથ્થા :** મોંઘવારી ભથ્થું, સી.સી.એ. સહિતના અન્ય ભથ્થાં મળવાપાત્ર છે.

❑ **જૂથ વીમો :** છેલ્લામાં છેલ્લા નિયમ મુજબ રૂા. ૩૦ લાખનું વીમા છત્ર. (ભાગીદારી ધોરણે)

❑ **ગ્રેજ્યુઇટી :** પ્રવર્તમાન નિયમો મુજબ ગ્રેજ્યુઇટી આપવામાં આવશે.

❑ **લીવ એનકેશમેન્ટ :** છેલ્લામાં છેલ્લા નિયમો મુજબ લીવ એનકેશમેન્ટ આપવામાં આવશે.

❑ **રજા :** ઓફિસરને નોકરીની આવશ્યક્તાને લક્ષમાં રાખીને ૬૦ દિવસની વાર્ષિક રજા અને ૨૦ દિવસની પરચૂરણ રજા આપવામાં આવશે. પોતાના અને કુટુંબ માટે નિયમોનુસાર એલ.ટી.સી.

❑ **બઢતી :** સબ લેફ્ટનન્ટથી કમાન્ડર કેડર સુધી ટાઇમ સ્કેલ મુજબ.

❑ **અન્ય લાભ :** પગારધોરણ મુજબ રેશન, ફર્નિચર સાથેનું રહેઠાણ અને સંલગ્ન સેવાઓ રાહત દરે, પોતાના અને કુટુંબ માટે તબીબી સુવિધાઓ, જુથ આવાસ યોજના, શાળાએ જતા બાળકો માટે રાહત દરે વાહન વ્યવહારની સુવિધા, કેન્ટીન સુવિધા. પગાર ભથ્થાં સાથે ગુણવત્તાના આધારે બે વર્ષ સુધીની અભ્યાસ માટે રજા.

❑ **સાહસિક રમતો :**

ભારતીય નૌકાદળ તમારી પસંદગીની રમતગમતની સવલત પૂરી પાડે છે. જેવી કે, સ્કવોશથી સ્વીમિંગ, ઘોડે સવારીથી ગોલ્ફ, આ ઉપરાંત પર્વતારોહણ, રિવર રાફટિંગ, હોટ એર બલૂનિંગ, હેંગ ગ્લાઇડિંગ, વિન્ડ સર્ફિંગ વગેરે રમતો માટેની સવલત પૂરી પાડે છે. જેમાં ભાગ લઇ શકાય છે અને શીખી શકાય છે.

❑ **અગત્યની સૂચનાઓ :**

♦ વિજ્ઞાપનમાં દર્શાવેલ નિયત નમૂના પ્રમાણે જ અરજી મોકલવી.

♦ અરજી સાથે નિર્દિષ્ટ પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલી નકલો મોકલવાની રહેશે.

(૧) જન્મતારીખના પૂરાવા માટે ધો. ૧૦નું પ્રમાણપત્ર અને શૈક્ષણિક લાયકાતોના પ્રમાણપત્રો.

➲

➲ (૨) દરેક સત્ર/વર્ષની માર્કશીટ

- જ્યાં ટકાવારીને બદલે ગ્રેડ આપવામાં આવતો હોય ત્યાં તેનું ટકાવારી પ્રમાણ દર્શાવવું.
- ઉમેદવારોએ અરજીપત્રક સાથેના બિડાણો યોગ્ય રીતે ટેગ/સ્ટીચ કરીને બિડવા.
- અરજી સાદી ટપાલથી મોકલવી. સ્પીડ પોસ્ટ, રજિ. પોસ્ટ, કુરિયર સર્વિસ, ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં.
- કોઈપણ કારણ દર્શાવ્યા વિના અરજીઓની તારવણી કરવાનો નેવલ હેડકવાર્ટર્સનો અધિકાર અબાધિત રહેશે. આ અંગે કોઈ પત્રવ્યવહાર કરાશે નહીં.
- ઈન્ટરવ્યૂ કોલ લેટર મળ્યા બાદ S.S.B. ઈન્ટરવ્યૂ અંગેનો તમામ પત્રવ્યવહાર સંબંધિત S.S.B. ના પ્રેસિડન્ટ સાથે કરવો.
- ઈન્ટરવ્યૂ માટે S.S.B. સેન્ટર બદલવાની પરવાનગી કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.
- આ જાહેરાતની શરતો ફેરફારને આધીન રહેશે અને તેથી આ શરતોને માર્ગદર્શક સૂચનાઓ ગણવી.
- એક કરતાં વધુ અરજી મોકલતા ઉમેદવારો ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક યોગ્યતા :**

નેવલ એકેડેમીમાં તમારો અભ્યાસક્રમ શારીરિક બાબતોને સ્પર્શનારો હોઈ, તે માટે તમારી જાતને શારીરિક રીતે તાલીમ, દોડ અને રમતો વગેરે દ્વારા સુસજ્જ રાખો, જેથી કરી તમને ઉચ્ચ કક્ષાની શારીરિક તાલીમમાં કોઈ મુશ્કેલી ન પડે.

UNIVERSITY OF PUNE

## BioInformatics National Certification (BINC) Examination

Department of Biotechnology, Government of India, New Delhi
Bioinformatics Centre, University of PUNE

**Examination Date : February 20-21,2010**
**Registration closes: Jan 16, 2010**

**OBJECTIVE:**

University of Pune (UoP), on behalf of Department of Biotechnology (DBT), Government of India, will conduct the BioInformatics National Certification [BINC] examination. The objective of this examination is to certify bioinformatics professionals, trained formally as well as self-trained.

**ELIGIBILITY:**

Graduate in Science, Agriculture, Veterinary, Medicine, Pharmacy, Engineering & Technology are eligible to appear in the examination. They need not have any formal training viz., certificate, diploma or degree in Bioinformatics. Students in final year of Bachelor's degree are also eligible to apply.

**APPLICATION & SYLLABUS:**

The online application begins on December 1, 2009 and will continue until January 16, 2010. The examination fee is Rs. 600/- for general category, Rs. 450/- for reserved category and US $100 for foreign students. Please visit the website **(http://bioinfo.ernet.in/binc/)** for detail information. Syllabus consists of four sections: biology, physical and chemical sciences, IT, and bioinformatics.

**EXAMINATION:**

The examination is scheduled on **February 20-21, 2010** and will be in three parts. The paper I will be objective type, only those who pass this paper with a minimum of 40% marks will be eligible to appear for the paper II and paper III. The paper II will be short answer type, while the paper III will be a computer-based practical. The certification will be awarded to those who secure a minimum of 40% in each of the three papers.

Research fellowships will be awarded to 15 BINC qualified Indian nationals, in order of merit, to pursue Ph.D. in Indian Institutes/Universities. Note that the candidate must possess a postgraduate degree & meet the criteria of the institutes/universities in order to avail research fellowship. In addition, a cash prize of Rs. 10,000/- will be awarded to the top 10 BINC qualifiers.

**For details refer to website: http://bioinfo.ernet.in/binc/**

**Advertisement No.: 52** **Registrar** ●

Regd. No. ______________
(For Official use only)

Affix recent passport size colour photograph

### APPLICATION FORMAT
### APPLICATION FOR GRANT OF PARMANENT COMMISSION IN THE NAVY FOR EDUCATION BRANCH JULY-2010 COURSE

(The application is to be filled in by the candidate in English and in BLOCK CAPITALS; strike out whichever is not applicable)

1. Candidate's Name :-
   (a) Name ________________________________
   (As in Matric/Equivalent Certificate)
   ________________________________
   ________________________________
   (b) Expanded Full Name (if abbreviated) ________________________________
2. Date of Birth : (Candidate)

| D | D | M | M | Y | Y | Y | Y |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

3. Father's Name : ________________________________
4. Address :
   For Correspondence ________________________________
   ________________________________ Pin ____________
   Telephone No./Fax No. if any ____________ E-Mail : ____________
   Permanent Address : ________________________________
   ________________________________ Pin ____________
   ____________ Telephone No./Fax No. if any ____________
5. Marital Status : (Married/Unmarried) ____________
6. Sex : (Male/Female) :
7. State to which you belong : ________________________________
8. Nationality : ________________________________
9. Educational Qualification ____________ Aggregate percentage ____________
   (In case of BE/B.Tech, specify specification such as Mech, IT, etc.)
10. Details of Marks Secured in Graduation & above :

| Examination passed Graduation/ Post Graduation | Name of the College | Name of University | Main Subject | Semester/Year wise Marks secured | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | Semester/ Year wise | Maximum marks | Marks obtained | % of Marks |
| | | | | | | | |
| | | | | 1 | | | |
| | | | | 2 | | | |
| | | | | 3 | | | |
| | | | | 4 | | | |
| | | | | 5 | | | |
| | | | | 6 | | | |
| | | | | 7 | | | |
| | | | | 8 | | | |
| | | | | Total :- | | | |

11. Appeared/Did not appeared in SSB earlier for Navy/Army/Air Force: Yes/No (if Yes-Give details)
12. **List of documents attached :**
    (a) ________________________________
    (b) ________________________________
    (c) ________________________________

**DECLARATION**

1. I hereby, declare that I am unmarried male, governed by nationality conditions as laid down by the Govt. og India and have never been debarred from appearing at any examination nor have ever been arrested/prosecuted and convicted by a criminal court or involved in any other case registered by the Police.
2. I, hereby, solemnly declare that all the statements made in the above application are true and correct to the best of my knowledge and belief.
3. I, fully understand that in the event of any information being found false or incorrect, appropriate action can be taken against me.

Place : ____________ **Signature of Applicant :** ____________
Date : ____________

●

# ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ : ગાંધીનગર

## કરાર આધારીત સ્ટાફની ભરતી

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, બાયોડાયવર્સિટી એક્ટ-૨૦૦૨ની કલમ ૨૨ મુજબ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : જીવીએન/૨૦૦૬/૮/ડબલ્યુએલપી/૨૦૦૩/૧૭૭૭/જીઆઇ, તા.૧૧-૫-૨૦૦૬થી સ્થાપિત બોર્ડ છે. ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ ગાંધીનગરની કચેરી, ગાંધીનગર ખાતે આવેલ છે. બોર્ડની કામગીરી માટે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ નીચે જણાવ્યા પ્રમાણે ફિક્સ પગારવાળી જગ્યાઓ, ઉપર ૧૧ માસના કરાર આધારિત નિમણૂક માટે કુશળ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | ફિક્સ પગાર | સંખ્યા | લઘુતમ લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | રીસર્ચ એસોસિએટ | માસિક રૂા.૭૦૦૦ | ૧ | જુલોજી, બોટની બાયોસાયન્સ અથવા એગ્રીકલ્ચરમાં એમ.એસ.સી. ફર્સ્ટકલાસ અથવા પી.એચ.ડી. |
| ૨ | અંગત મદદનીશ-કમ-ડેટા કમ્પાઈલર | માસિક રૂા.૩૫૦૦ | ૧ | ગ્રેજ્યુએટ અને કોમ્પ્યુટર અંગ્રેજી ટાઈપીંગ, ૪૦ શબ્દો પ્રતિ મિનિટ |
| ૩ | કારકુન (સહાયક) | માસિક રૂા.૨૫૦૦ | ૧ | ધોરણ-૧૨ પાસ |
| ૪ | પટાવાળા | માસિક રૂા.૧૩૫૦ | ૧ | ધોરણ-૧૦ પાસ |

ઉપર મુજબની જગ્યાઓ માટેની અરજીનો નમૂનો નીચે મુજબ છે.

**ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગર**

**અરજીપત્રક નમૂનો**

જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ :

..........................................................................................

પાસપોર્ટ સાઇઝ ફોટો

૧. અરજદારનું પૂરું નામ : ..........................................

૨. અરજદાર પુરુષ છે કે સ્ત્રી : ..........................................

૩. સરનામું : ..........................................

..........................................

૪. (અ) જન્મ તારીખ : .................... (બ) ઉંમર : ....................

વર્ષ : .................... (તા. / / ના રોજ)

૫. અરજદારની જાતિ : ..........................................

૬. અરજદારની શૈક્ષણિક લાયકાત : ..........................................

| શૈક્ષણિક લાયકાત | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિ.નું નામ | કુલ ગુણમાંથી મેળવેલ ગુણ | ટકા |
|---|---|---|---|---|
| ધોરણ-૧૦ | | | | |
| ધોરણ-૧૨ | | | | |
| સ્નાતક | | | | |
| અનુસ્નાતક | | | | |
| અન્ય | | | | |

૭. અનુભવની વિગત : ..........................................

સંસ્થા/કચેરીનું નામ : ..........................................

જગ્યાનું નામ : ..........................................

અનુભવનો સમય : ..........................................

મેળવેલ માસિક પગાર : ..........................................

સ્થળ :

તારીખ :

ચકાસણી કરનાર અધિકારી/કર્મચારીનું

નામ તથા સહી :- ઉમેદવારની સહી

ઉમેદવારોએ ઉપર દર્શાવેલ નમૂનામાં જ અરજી કરવાની રહેશે. અરજી ઉપર પાસપોર્ટ સાઇઝનો પ્રમાણિત ફોટો ચોંટાડવાનો રહેશે અને અરજી સાથે બાયોડેટા તથા શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અરજી સાથે તા.૨૦-૧-૨૦૧૦ સુધીમાં સભ્ય **સચિવશ્રી ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ ગાંધીનગર, વન સંસોધન સંકુલ, બીજો માળ, અક્ષરધામ નજીક, જ-રોડ, સેકટર-૩૦, ગાંધીનગર**ના સરનામે રજિ. પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે. રૂબરૂમાં અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી. ઉમેદવારની લાયકાત તથા અનુભવના ગુણાંક ક્રમ મુજબ ઇન્ટરવ્યુ માટે શોર્ટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને શોર્ટ લિસ્ટ કરેલ ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. જેની જાણ પત્ર દ્વારા અલગથી કરવામાં આવશે. ઇન્ટરવ્યુ પછી પસંદ થયેલ ઉમેદવારની ૧૧ માસના કરારની મુદત પૂર્ણ થયેથી આપોઆપ મુક્ત થયેલ ગણાશે તથા સરકારી નોકરીમાં કાયમી થવાને પાત્ર થશે નહીં.

સભ્ય સચિવ
ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ
ગાંધીનગર.

# ઈન્ટરવ્યૂઅર

'વોટ ઈઝ યોર ગુડ ગેમ, જેન્ટલમેન ?' ઈન્ટરવ્યૂ ખંડમાં પ્રવેશતા અને શિષ્ટાચારમગ્ન ઉમેદવારને તોતિંગ અને પડછંદ અવાજમાં પ્રશ્ન થાય છે ! ઈન્ટરવ્યૂ પોતાની સીટ પાસે પહોંચે છે. ત્યાં ઘેઘુર વડલા જેવા 'ગાંધીયન વેશ'માં સજ્જ પ્રેમાળ વ્યકિત ધરાવતા PSC ચેરમેનને કહ્યું : 'પ્લીઝ સીટ ડાઉન'. ઉમેદવારના અકથ્ય તનાવને સમજી ગયેલા ઈન્ટરવ્યૂ પેનલના સાઈકોલોજિસ્ટ મેમ્બરે વાતને વાળી લીધી અને લેકચરરની જગ્યાનો VIVA VOCE શરૂ થયો. એક મિત્રએ ૪૦ વર્ષ પૂર્વના પોતાના અનુભવની ઈન્ટરવ્યૂઅરની કહેલ આ છે કથની !

ઈન્ટરવ્યૂ આપવો જેમ કલા છે, તેમ ઈન્ટરવ્યૂ લેવા એ કસબ છે. ઈન્ટરવ્યૂના આ માહોલના મુખ્ય અધિષ્ઠાતા ઈન્ટરવ્યૂઅર છે. ઈન્ટરવ્યૂઅર હીરા પારખનાર નિષ્ણાત છે જે સંગઠન કે કંપની તરફથી કેટલાક એસાઈન્મેન્ટ્સ અને વફાદારી સાથે ઈન્ટરવ્યૂ લેવા બેસે છે. ઈન્ટરવ્યૂઅર નાડી વૈદ્ય છે. કોઈ તેને એકસ-રે કે સ્કેન નિષ્ણાત પણ ગણે છે. તેઓ ઉમેદવારનો 'બ્રેઈન સ્કેન' લે છે અને તેથી આ ફરજ જોખમી પણ ગણાય છે. ઈન્ટરવ્યૂઅર સામાન્યતઃ ત્રણ પ્રકારના હોય છે.

**સિંગલ ઈન્ટરવ્યૂઅર :** આ પ્રકારના ઈન્ટરવ્યૂઅર નાના એકમની શેઠ પાર્ટનર કે મુખ્ય અધિકારી હોય છે. નાની જગ્યા માટે ઝડપી પ્રક્રિયા આ ઈન્ટરવ્યૂઅર કરતાં હોય છે. પોતાના વ્યવસાયને ઉપયોગી હેતુ માટેની ચર્ચાવાતો થાય છે. અનૌપચારિકતા આ વ્યકિતત્વમાં વિશેષ હોય છે. ઈન્ટરવ્યૂ સરળ હોય છે.

**ડબલ કે વિશેષ ઈન્ટરવ્યૂઅર :** (સભ્યો) સરકારી સંગઠન, શાળા-કોલેજો, મધ્યમ ઔદ્યોગિક એકમ ઈત્યાદિ જગ્યાએ બે કે તેથી વધુ ઈન્ટરવ્યૂઅરની ફોર્મલ કે ઈન્ફોર્મલ સમિતિ હોય છે. મુખ્ય વડા કે ડિપાર્ટમેન્ટ હેડ અને અન્ય સભ્યોનો આ સમિતિમાં સમાવેશ થાય છે. આ ઈન્ટરવ્યૂઅર પોતાના એકમ, જનરલ નોલેજ, અભ્યાસજ્ઞાન જેવી વિગતો પૂછે છે. આ ઈન્ટરવ્યૂઅર પોતાના વિષયના જાણકાર હોવાથી ઈન્ટરવ્યૂ તૈયારીયુકત રાખવો પડે છે.

## ઈન્ટરવ્યૂ ટેકિનકસ

આર. એન. કોટક

**ઈન્ટરવ્યૂઅર પેનલ :** સિલેકશન બોર્ડ, PSC, SSB મંડળોમાં દરેક જગ્યા કે તેના સમૂહ માટે પેનલ રચાય છે. તેમાં ચેરમેન, કાયમી સભ્ય, ખાતના હેડ, એક્ષપર્ટ, સાઈકોલોજિસ્ટ ઈત્યાદિ પાંચ-સાત સભ્યો હોય છે. આ ઈન્ટરવ્યૂઅર ઈન્ટરવ્યૂ લેવાના કસબી તજજ્ઞ હોય છે પણ હવે નવા માહોલમાં મૂંઝવણ થતી નથી. SLOC 'શ્લોક' પધ્ધતિથી ઈન્ટરવ્યૂ થાય છે અને સરળતા બક્ષે છે. પૂર્વ તૈયારી સાથે જવાથી અગવડતા ઘટે છે. આ ઈન્ટરવ્યૂ લાંબો અને પ્રશ્નો ચર્ચાનો અવકાશયુકત હોય છે. ઉમેદવારની સરળતાને અભાનતા વિજયી બને છે. મેનેજમેન્ટ નિષ્ણાતોના મતે ઈન્ટરવ્યૂઅર માટે સ્પષ્ટ માર્ગદર્શક સિધ્ધાંતો હોય છે. તેથી તેઓને લક્ષ્મણરેખા હોય છે. આમ છતાં આજના બેરોજગારીના વિશેષ કષ્ટદાયક માહોલમાં ઈન્ટરવ્યૂઈ ઉમેદવારનો પણ 'સફળ ઈન્ટરવ્યૂ' માટે અપેક્ષાઓ હોય છે. તેથી ઈન્ટરવ્યૂઅરને કેટલીક ટિપ્સ વિનમ્રતાથી આપીએ

(૧) ઈન્ટરવ્યૂઅર પોતાની ભૂમિકામાં મોટીવેશન પ્રેરણાદર્શન કરાવે તે સૌથી વિશેષ માંગ છે. ઉમેદવારને ધ્યાનપૂર્વક સાંભળવા, અપાયેલ માહિતી કે તેની લાગણી સમજવી, સહાનુભૂતિ રાખવી તે વાત અગત્યની છે.

(૨) સ્પષ્ટ, સરળ, સૌમ્ય અને સ્વચ્છ ભાષાકીય પ્રશ્નો સરળતા આપે છે. ડબલ અર્થના પ્રશ્નો ટાળી શકાય છે. ઈન્ટરવ્યૂઅરની આંખ કે દૃષ્ટિ ઠંડી હોવી જોઈએ. પૂછવાના પ્રશ્નોની રૂપરેખા આપી શકાય. ઉમેદવારની માહિતીને ગુપ્ત રાખવાની ખાતરી પણ આપી શકાય. શરૂઆતમાં ઉમેદવાર, હળવાશ અનુભવે તેવા પ્રશ્નો ઠીક રહે છે. દા.ત. આપનો આ ઈન્ટરવ્યૂમાં આવવાનો પ્રવાસ કેમ રહ્યો, હવામાન વધુ ઠંડુ લાગે છે, વગેરે સ્ટેટેમેન્ટરૂપે પ્રશ્નો મહેમાન પ્રત્યે યજમાનની ભૂમિકાથી પ્રારંભ સરળ રહે છે.

(૩) પ્રાશ્નિકની એક ફરજ ઉત્તરદાતાની બોડી લેંગ્વેજના અભ્યાસની હોય છે. દેહભંગિમા સમજવાથી પ્રશ્નોત્તરી સંક્ષિપ્ત કરી શકાય છે, પણ ઈન્ટરવ્યૂઅર પૂર્વ ધારણા ન બાંધે તે અગત્યનું છે.

(૪) ઉમેદવારને અપેક્ષા મુજબના જવાબની ફરજ ન પાડી શકાય. ઉમેદવારની અવસ્થતા ઈન્ટરવ્યૂઅરને મદદરૂપ થતી નથી. નિષ્ફળ ઈન્ટરવ્યૂ પ્રક્રિયાથી, રીપીટ ઈન્ટરવ્યૂથી સંસ્થાને ખર્ચ સમયની અગવડતા થાય છે.

(૫) ઈન્ટરવ્યૂઅર પોતાની મર્યાદામાં પણ ઉમેદવારના વાલી કે ગાર્ડીયનની શકય તે ભૂમિકા ભજવતા સફળતાની તકો અને યશ મળે છે.

## તૈયારી ઈન્ટરવ્યૂની

મનોવિજ્ઞાન કહે છે : સ્વસ્થ અને પૂરતી તૈયારી અર્ધો જંગ જીતે છે. આપણે તો ઈન્ટરવ્યૂ એક જંગ જ છે, ચાહે તે જોબનો હોય કે જંગનો. તો યુવા મિત્રો, છેલ્લે ''જોબ એપ્લિકેશન'' અને 'ઈન્ટરવ્યૂઅર'ને આપણે જાણ્યા, હવે કરીએ ઈન્ટરવ્યૂની પૂર્વ તૈયારીઓ...

જોબ એપ્લિકેશન મોકલ્યા પછી એક મત મુજબ ફોલોઅપ પત્ર સ્મૃતિ પત્ર કંપનીને મોકલવો જોઈએ. સારી બાબત છે. સાદો અંગ્રેજી પત્ર ટૂંકાણમાં વિનંતીના સાથે એક કે બે વખત મોકલાવી શકાય છે. પણ ઈન્ટરવ્યૂ કોલ લેટર મળે તો અવશ્ય આભાર દર્શન પત્ર કંપનીને લખવો. સરકારી ખાતામાં આવા પત્રો ન લખવા, સરકારી જાહેરાતમાં જ દર્શાવેલ હોય છે કે આવા પ્રયત્નોથી ઉમેદવાર ગેરલાયક ઠરી શકે છે. પણ માહિતગાર જાણકાર રહેવાની મનાઈ નથી. ઈન્ટરવ્યૂ તૈયારીના કેટલાક સ્ટેજ-સ્ટેપ છે, તે જાણીએ.

**કંપની સંસ્થાની જાણકારી :** જે કંપની કે સંસ્થામાં જોબ માટે અરજી કરી હોય અને ઈન્ટરવ્યૂ મળવાનું હોય તે કંપની જોબની સામાન્ય કે પ્રાથમિક માહિતી મેળવવી જરૂરી છે. ઈન્ટરવ્યૂમાં કોઈ પણ રીતે કંપની, તેનું ઉત્પાદન, તેની માર્કેટની ચર્ચા જગ્યાને અનુરૂપ થાય છે. તેથી કંપનીનું નેટવર્ક, તેનો બિઝનેસ કે તેની પ્રવૃત્તિ, સેવા કે ઉત્પાદન ઈત્યાદિ માહિતી લેટેસ્ટ મેળવી રાખવી. કંપનીની જાહેરાત, પ્રચાર, વાર્ષિક રિપોર્ટ, કંપનીના કોઈ સ્ટાફના મારફત આ પ્રાથમિક માહિતી મળી શકે. આ માહિતીનો ફાયદો એ છે કે તેથી જાણકાર, સ્માર્ટ ઈમેજ ઊભી થાય છે.

**ટેસ્ટીમનીઅલ્સ ફાઈલ :** કોઈ પણ 'શો' મેથોડિકલ પધ્ધતિસર થાય તો તે સફળ થાય છે. લાઈફ એચિવમેન્ટસમાં ઉમેદવારને પોતાના અભ્યાસ, તાલીમ, અનુભવ, રમતગમત, ઈતર પ્રવૃત્તિના ટેસ્ટિમનીઅલ્સ પ્રમાણપત્રો હોય છે. ઈન્ટરવ્યૂમાં આ પ્રમાણપત્રો કદાચ જોવા માગે તો તે સિસ્ટોમિક - ક્રમ ઈન્ડેક્ષથી સારી, વ્યવસ્થિત ફાઈલમાં ગોઠવ્યા હોય તો દર્શાવી શકાય. દર વખતે ફાઈલ બનાવવાની હોતી નથી,પણ તૈયારી તો રાખવી પડે. કોલ લેટર સૌથી અલગ રાખવો જોઈએ. આ પ્રમાણપત્રોને માગતી વખતે ઉમેદવારની મુવમેન્ટ જોવાનો આશય હોય છે. પ્રમાણપત્રોની વિગત ગુણાંક, ઈતર પ્રવૃત્તિ, હોબીના પ્રશ્નો અહીંથી કેટલીક વાર આવે છે. આ પ્રાથમિક કાર્યવાહીમાં આત્મવિશ્વાસ ઉમેદવારે દર્શાવવા રહ્યો. સારા પેન, પેન્સિલ, ઈરેઝર રાખવા.

**વિષયવસ્તુની પૂર્વ તૈયારી :** ઈન્ટરવ્યૂ (૧) લેખિત (૨) મૌખિક સ્વરૂપે હોય છે. ફક્ત મૌખિક VIVA VOCE પણ હોય, લશ્કર પોલીસમાં શારીરિક ચકાસણી પણ હોય છે. તેથી ઈન્ટરવ્યૂ પત્ર મળ્યેથી તે મુજબ પોતાના વિષય, જનરલ નોલેજના વાંચન પ્રેક્ટિસની તૈયારી સ્વસ્થ રીતે કરવી જોઈએ. હવે તો સાહિત્ય પણ પ્રાપ્ય થાય છે. વ્યાયામ જરૂરી હોય ત્યાં દોડ, જમ્પ ઈત્યાદિ સામાન્ય પ્રેક્ટિસ રાખવી, તૂટી ન જવું.

**સ્વસ્થ શરીર-તંદુરસ્ત મન :** ઈન્ટરવ્યૂ એ પ્રસંગ છે. આ પ્રસંગ વખતે શરીર અને મન Active જોઈએ. હકારાત્મક વિચારો ટાળવા પડે છે. ઈન્ટરવ્યૂમાં ઉમેદવારની છાપ સક્ષમ 'કેપેબલ' ઉમેદવારની પડવી જોઈએ, ઈન્ટરવ્યૂની મુસાફરી હળવી રાખવી જેથી થાક ન જણાય. ચહેરા પર પ્રસન્નતા દેખાવી જોઈએ. કોઈ નાની મોટી શરીરની અગવડતા હોય તો જાણીતી દવા સાથે રખાય અને ઉપયોગ પણ થાય, પરંતુ નર્વસનેસ ન આવવી જોઈએ. આત્મવિશ્વાસ, દઢ મનોબળથી ભલભલી કસોટી પાર કરી શકાય છે.

**પોશાક :** ઈન્ટરવ્યૂ સમયના પોશાક, કોસ્ચ્યુમનું આયોજન યોગ્ય રીતે કરવું પડે. જોબને અનુરૂપ પોશાક જોઈએ. સાદો પહેરવેશ અનુકૂળ પડે. લેટેસ્ટ ફેશનની જરૂરત નથી. રિસેપ્શન જેવો સાડી, સુટ, અલંકારનો ઠઠારા - શોભા જરૂરી નથી. મેક અપ ઓછો અથવા નહિવત રાખવો. બુટ-ચંપલ મુશ્કેલી ન પડે તેવા રાખવા. ઈન્ટરવ્યૂમાં પહોંચો ત્યારે પોશાકને આંચ ન આવે તેવા સ્વચ્છ, સુઘડ કપડા પહેરવેશ રાખવાં તેથી પ્રથમ છાપ સારી પડે છે. 'ફસ્ટ ઈમ્પ્રેશન ઈઝ લાસ્ટ ઈમ્પ્રેશન' અહીં લાગુ પાડી શકાય.

**ઈન્ટરવ્યૂ સ્થાન મુલાકાત :** ઈન્ટરવ્યૂ સ્થાનિક હોય કે બહારગામ, ઈન્ટરવ્યૂ સ્થળ, હોલ, ખંડ, કચેરીની મુલાકાત અગાઉ લઈ લેવી. જવાનો રૂટ જાણી લેવો. શક્ય ન હોય તો પ્રાથમિક માહિતી મેળવી લેવી. ઈન્ટરવ્યૂમાં કદી મોડા ન પહોંચવું તેમજ બહુ બે-ચાર કલાક વહેલું ન જવું. નિયત સમય કરતા ૩૦ મિનિટ વહેલા પહોંચી શકાય. ઈન્ટરવ્યૂ સ્થાને મુલાકાત સિવાય અન્ય કંઈ પૂછપરછ ન કરવી.

ઈન્ટરવ્યૂની તૈયારીમાં ઘણા ઉમેદવારો - યુવાન મિત્રો કાળજી રાખતા નથી. અથવા યોગ્ય માર્ગદર્શન મળતું નથી. ગંભીરતા હોતી નથી તેથી આ વિગતો ટેકનિકને અપનાવવાથી લાભ થાય છે. સફળતા મળે છે. તનાવની જરૂર નથી. તૈયારી પોતે જ 'સ્ટેમિના' છે. હવે પછી આદર્શ ઈન્ટરવ્યૂને જાણીશું.

# GPSC ઈન્ટરવ્યૂ માટે મહત્વની 'ટીપ્સ'

## ૩૦૦ થી વધુ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી થશે

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC), અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૦૬માં ગુજરાત મુલ્કી સેવા (Gujarat Civil (Services) ની વર્ગ-૧ અને ૨ ની DYSP, સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરકારી મજુર અધિકારી વિ.ની આશરે ૩૦૦ ઉપરાંત જગ્યાઓની ભરતીની જાહેરાત પ્રગટ થયેલ છે. હવે આ શ્રેણીનું પુસ્તક પણ UPSC પરીક્ષા માર્ગદર્શન સાથે વિગતેથી પ્રકટ થયેલ છે. પણ આ જાહેરાતના સંદર્ભે પરીક્ષા પ્રિલીમનરી તથા મુખ્યની પ્રક્રિયામાં સંજોગવશાત ખૂબ વિલંબ થયેલ જે આખરે ઉમેદવારોની લાંબી પ્રતિક્ષા બાદ ઈન્ટરવ્યૂના અંતિમ તબક્કે પહોંચેલ છે અને આ 'GPSC ઈન્ટરવ્યૂ' નામાંથી ઓળખાતો ગુજરાત વહીવટી સેવા (GAS/GCS) નો ઉચ્ચ અધિકારી ભરતીનો મોટામાં મોટા ઈન્ટરવ્યૂ જાન્યુઆરી ૨૦૧૦ના ત્રીજા વીકથી શરૂ થશે. આથી આ જાહેરાતના સંદર્ભે પ્રિલીમીનરી અને મુખ્ય પરીક્ષાઓના સ્પર્ધાત્મક અને અઘરા કોઠાઓ પાર કરેલાં આશરે ૧૦૯૦ ઉમેદવારોમાં અંતિમ સફળતા માટે અને ગુજરાત સરકારની શ્રેષ્ઠ ગણાતી અધિકારી જોબ પ્રાપ્તિ માટે આશાસંચાર થયો છે. અને ઘણા ઉમેદવારો આ ઈન્ટરવ્યૂની તૈયારીમાં લાગી ગયા છે ત્યારે આ GPSC ઈન્ટરવ્યૂની થોડીક સંક્ષિપ્ત TIPS અત્રે પ્રસ્તુત છે.

### ❑ GPSC ઈન્ટરવ્યૂ પધ્ધતિ અને પ્રક્રિયા :

ગુજરાત જાહેર સેવા આયોગ GPSCનો GCS કહેવાતી વર્ગ-૧/૨ અધિકારી માટેનો આ ઈન્ટરવ્યૂ ૧૦૦ માર્કનો હોય છે. તે પહેલા થયેલી પ્રિલીમીનરી પરીક્ષાના ૩૫૦ ગુણાંકની સફળતા મેરીટ માટે ગણાતી નથી પણ મુખ્ય પરીક્ષાના ૧૦૦૦ કુલ ગુણાંકમાંથી મેળવેલા ગુણ મેરીટમાં ગણાય છે. તેથી ઈન્ટરવ્યૂનો સફળતા બાદ ૧૦૦૦ +૧૦૦ =કુલ ૧૧૦૦ ગુણાંકમાંથી મેરીટ લીસ્ટ બનશે અને તેના આધારે ખાલી જગ્યાઓ ઉપર જરૂરી આગળની કાર્યવાહી જેવી કે મેડિકલ, પોલીસ તપાસ, તાલીમ બાદ ચોઈસ, રૂમ અને જગ્યાની ઉપલબ્ધિ મુજબ નિમણૂક હુકમ મળશે. આ પ્રકારે ઈન્ટરવ્યૂની સફળતાનું મહત્વ ઘણું જ છે. અને તેથી તેની પૂર્વ તૈયારી આવશ્યક અને અનિવાર્ય ગણાવી જોઈએ.

આ ઈન્ટરવ્યૂ GPSC દ્વારા અમદાવાદ ખાતે GPSC કચેરીમાં લેવામાં આવે છે. તેની જાણ ઉમેદવારોને વ્યક્તિગત તથા જાહેરાત-વેબ સાઈટ દ્વારા કરવામાં આવે છે. ઈન્ટરવ્યૂ પ્રોગ્રામ આશરે બે-ત્રણ માસ ચાલશે. ઈન્ટરવ્યૂ પ્રોગ્રામ બહાર પડે અને થોડા દિવસ બાદ પત્ર ન મળે તો GPSC કચેરીનો આ સરનામે રૂબરૂ સંપર્ક કરી શકાય કેમ કે આ પત્ર વ્યક્તિગત પ્રોગ્રામવાળો નામ, ઈન્ટરવ્યૂ તારીખ, સ્થળ, સમય સૂચનાઓ વિ. વિગતવાળો હોય છે અને તે ઈન્ટરવ્યૂ પહેલા રજૂ કરવો આવશ્યક છે :- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC), બહુમાળી ભવન, ભદ્રકાળી મંદિર પાસે, લાલદરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન (079) 25507737 www.gpscgujarat.gov.in. આ ઈન્ટરવ્યૂ માટે GPSC નું બોર્ડ હોય છે તેમાં ચેરમેન, GPSC ના કાયમી સભ્યો, નિષ્ણાતો, વહીવટી અધિકારીઓ, સાયકોલોજીસ્ટ વિ. ૫-૬ અધિકારી હોય છે. જેઓ સીનીયર અને અનુભવી હોય છે. પણ બોર્ડનું વાતાવરણ તનાવયુક્ત હોતું નથી. માહોલ સહકારયુક્ત હોય છે. આ ઈન્ટરવ્યૂ સરળ અને પારદર્શક હોય છે. તેથી ગભરાહટની જરૂર નથી.

### ❑ GPSC ઈન્ટરવ્યૂ આપવાની તૈયારી પ્રશિક્ષણ અને સ્વપધ્ધતિ :

GPSC ઈન્ટરવ્યૂ કક્ષાએ પહોંચેલા સ્નાતક, અનુસ્નાતક અનુભવી ઉમેદવારોને 'ઈન્ટરવ્યૂ એટલે શું?' એ સમજાવવાની જરૂર નથી. આ ઈન્ટરવ્યૂ આપનાર ઘણાં ઉમેદવારોએ અન્ય ઈન્ટરવ્યૂ UPSC, GPSC, બેંક PO, સ્ટાફ સિલેકશનના આપ્યા જ હશે પણ અત્રે એ હકીકત છે કે ૩૦૦ ઉપરાંતની ખાલી જગ્યાઓ માટે ૧૦૯૦ ઉમેદવારો ઈન્ટરવ્યૂ આપવાના છે તે પૈકી પસંદગી તો ૧/૩ આશરેની થવાની છે તેથી સ્પર્ધાનો રેશીયો ત્રણ ગણો છે અને તેથી આ પ્રકારના ઈન્ટરવ્યૂ માટે દરેક ઉમેદવારોએ પૂરતી તૈયારી કરવી જરૂરી છે. અનુકુળતા મુજબ પ્રાપ્ય તાલીમ કે પ્રશિક્ષણ પણ મેળવી શકાય પણ વ્યક્તિગત સક્ષમતા ખૂબ કેળવવી પડે છે. આ ઈન્ટરવ્યૂ મોટા ભાગે ૨૫.૩૦ મિનિટથી ૪૫.૫૦ મિનિટનો હોઈ શકે છે તેથી ઈન્ટરવ્યૂના દિવસની સ્વસ્થતા-શારીરિક યોગ્યતા રાખવી જરૂરી છે. પ્રવાસ, મુસાફરી, ખોરાક, ડ્રેસકોડ, બાયોડેટા પ્રોફાઈલ્સ, હકારાત્મક માનસિકતા ઈત્યાદી આયોજન વ્યવસ્થિત કરવા પડશે. આ ઈન્ટરવ્યૂ UPSC ના IAS પ્રકારના ઈન્ટરવ્યૂની મીની આવૃત્તિ ગણાય છે તેથી ઉમેદવારે આ પ્રક્રિયા દરમ્યાન પોતે મુખ્ય પરીક્ષા પહેલાના GPSC ફોર્મની ભરેલી વિગતો યાદદાસ્ત કરવી પડશે કેમ કે ઉમેદવારોનો આ બોયોડેટા GPSC ઈન્ટરવ્યૂ પેનલના દરેક સભ્ય પાસે મોટા ભાગે હોય છે અને ઈન્ટરવ્યૂનો પ્રારંભ જ આ પ્રકરના વ્યક્તિગત પ્રશ્નોથી થાય છે જેમાં માહિતી વિસંગતા ઉભી થાય તો અગવડતા પડે છે. બીજી અગત્યની બાબત ઉમેદવારના સ્નાતક, અનુસ્નાતક કક્ષાના વિષયો વિષેના પુછાતા પ્રશનોની છે જેની તૈયારી અવશ્ય કરવી. સાથે આ પરીક્ષાની પ્રિલીમીનરી તથા મુખ્ય પરીક્ષાના વૈકલ્પિક વિષયોની ચર્ચાને પણ અવકાશ છે. આ ઈન્ટરવ્યૂમાં દેશ અને દુનિયાના અગત્યના સાપ્રંત પ્રવાહોની ચર્ચા અવશ્ય થાય છે તેથી તેની latest જાણકારી અને અભ્યાસ રાખવાં. દરેક વ્યક્તિનો ઈન્ટરવ્યૂ એ અલગ અને પોતાના (self) પુરતો જ હોય છે. તેથી તેની સ્વતૈયારી પધ્ધતિ અનુકુળતા મુજબ વાંચન, Mock પ્રેકટીસ, નિરીક્ષણ, બોડીલેંગ્વેજ, સરળવસ્ત્રો, ટાપટીપ વિનાનો પ્રભાવશાળી દેખાવથી જે કંઈ શક્ય આપણી 'વ્યક્તિમતા' મુજબ હોય તે રીતે સ્વસ્થતાથી તે તૈયારી કરવી.

### ❑ GPSCના ગત ઈન્ટરવ્યૂમાં પૂછાયેલા કેટલાંક પ્રશ્નો :

GPSC ની આ GAS/GCS કક્ષાની ગત બે ત્રણ ઈન્ટરવ્યૂ પ્રક્રિયામાં આવેલા કેટલાંક પ્રશ્નો ઉમેદવારોની સ્મૃતિ મુજબના આ પ્રમાણે છે જે હવેની તૈયારીમાં અંગુલિનિર્દેશ રૂપે થશે.

- નામ, અભ્યાસ, વતન, વતનના જિલ્લાની ઐતિહાસિક અને વર્તમાન વિશેષતાઓના નાના પ્રશ્નો
- ઉમેદવારના શોખના પ્રશ્નો
- ગુજરાત સરકારની સિધ્ધિઓ, GSWAN વિષેના પ્રશ્નો
- ભષ્ટ્રાચાર નાબુદ કેવી રીતે કરી શકાય?
- મિકેનિકલ ઈજનેર ઉમેદવારને પ્રશ્ન 'વેલ્ડિંગના પ્રકારો પૂછાયેલ
- એકાઉન્ટસ અધિકારીમાંથી GAS/GCS કેડરમાં કેમ આવવું છે ?
- ગુજરાતના ક્યા જિલ્લાઓને પાકિસ્તાનની સરહદ સ્પર્શે છે
- હમણા પોલીસ ખાતાના ક્યાં સમાચાર ન્યુઝમાં ચમક્યાં છે?
- GPSCના મોટો વિશે, તેનો અર્થ વિસ્તૃત સમજાવો
- સરદાર સરોવર યોજના
- "Small things make perfection, but perfection is not a small thing" ટોપિક પર અંગ્રેજીમાં બે ત્રણ વાક્યો બોલો.
- ફાયનાન્સ, લો, ટેક્ષેશન, ભૂગોળ, ભારતીય રાજ્ય બંધારણ, નામું, ઓડિટીંગ, કંપની લો વિ. વિષયક પ્રશ્નો-ચર્ચાઓ.

શુભેચ્છાઓ.

# ભારતીય સંરક્ષણ દળમાં ધર્મગુરુ જુનિયર કમિશન્ડ ઓફિસર બનવાની તક

**લશ્કરમાં આરઆરટી ૬૨મા અને ૬૩માં અભ્યાસક્રમ માટે જુનિયર કમિશન્ડ ઓફિસર તરીકે ધર્મગુરુની ભરતી કરવા માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૩-૧-૨૦૧૦**

❑ **સેવાનો પ્રકાર :** ધર્મગુરુઓએ સિપાઈઓને પવિત્ર ધર્મગ્રંથોનો ઉપદેશ આપવાનો અને રેજિમેન્ટ/ યુનિટની ધાર્મિક સંસ્થામાં જુદી જુદી ધાર્મિક વિધિનું સંચાલન કરવાની ફરજ ઉપરાંત અંત્યવિધિ સમયની પ્રાર્થનામાં હાજર રહેવું. હોસ્પિટલમાં માંદા સિપાઈઓ સાથે પ્રાર્થના કરવી, માંદગીમાંથી ઉભા થયેલા સિપાઈઓ સાથે પ્રાર્થના કરવી, સજા હેઠળના સિપાઈઓની મુલાકાત લેવી, બાળકો અને લશ્કરી સેવા માટે નોંધાયેલા છોકરાઓને ધાર્મિક માર્ગદર્શન આપવું ઉપરાંત તેઓને આ ધાર્મિક માર્ગદર્શનમાં ભાગ લેતા કરવા અને અધિકારીઓ, સિપાઈઓ તેમજ તેમના કુટુંબીજનોના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરવાનો સમાવેશ થાય છે.

❑ **યોગ્યતાની શરતો :**

**વયમર્યાદા :** આરઆરટી-૬૨ માટે સિવિલીયન ઉમેદવારની ઉંમર તા. ૧૨-૭-૨૦૧૦ના રોજ ૨૭ વર્ષથી ઓછી નહિ અને ૩૪ વર્ષથી વધુ ન હોવી જોઈએ તથા રીમસ્ટર્ડ ઉમેદવારોની વય તા. ૧૨-૭-૨૦૧૦ના રોજ ૨૫ થી ૩૪ વર્ષની હોવી જોઈએ.

❋ આરઆરટી-૬૩ માટે સિવિલીયન ઉમેદવારની ઉંમર તા. ૬-૯-૨૦૧૦ ના રોજ ૨૭થી ઓછી નહીં અને ૩૪ વર્ષથી વધુ ન હોવી જોઈએ તથા રીમસ્ટર્ડ ઉમેદવારોની વય તા. ૬-૯-૨૦૧૦ના રોજ ૨૫ થી ૩૪ વર્ષની હોવી જોઈએ.

❑ **શૈક્ષણિક અને ભાષાની લાયકાત :** ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાની સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ. આ ઉપરાંત નીચે નિર્દિષ્ટ કોઈપણ એક ધાર્મિક પંથ કે સંપ્રદાયની પદવી વ્યક્તિગત ધોરણે ધરાવતા હોવા જોઈએ.

❋ **પંડિત :** સંસ્કૃતમાં મધ્યમા અથવા હિન્દીમાં ભૂષણ અથવા તેને સમકક્ષ પ્રાદેશિક ભાષામાં પ્રાપ્ત લાયકાત. જેઓ સંસ્કૃત/ હિન્દી મુખ્ય વિષય સાથે બી.એ. થયેલા હશે તેઓ સંસ્કૃતમાં મધ્યમા કે હિન્દીમાં ભૂષણની લાયકાત નહિ ધરાવતા હોય તો પણ પાત્ર ગણાશે.

❋ **ગ્રંથી :** ઉમેદવાર પંજાબી ભાષામાં વિદ્વાન અથવા તેને સમકક્ષ ધાર્મિક ભાષામાં યોગ્યતા ધરાવતા હોવા જોઈએ. જે ઉમેદવાર પંજાબી પસંદગીનો (મુખ્ય) વિષય સાથે બી.એ. પાસ કર્યું હોય પરંતુ પંજાબીમાં વિદ્વાન ન હોય તેઓ પણ યોગ્યતા ધરાવે છે.

❋ **બુધ્ધિસ્ટ મોંક :** સક્ષમ સત્તાધીશ દ્વારા મોંક/બુધ્ધિસ્ટ સંત તરીકે માન્યતા આપવામાં આવી હોય તેવી કોઈપણ વ્યક્તિ. સક્ષમ સત્તાધીશ એટલે વ્યક્તિએ જે સ્થળે ધર્મનું શિક્ષણ લીધું હોય ત્યાંના મુખ્ય ધર્મગુરૂ દ્વારા અપાયેલી માન્યતા. મુખ્ય ધર્મગુરૂ ખાનપા/લોપાન/રબજામ પૈકી કોઈ એકમાં 'ગેસે'(પીએચ.ડી.) ધરાવતા હોવા જોઈએ તથા તે અંગે બૌધ્ધ મઠનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

❋ **પાદરી :** યોગ્ય સત્તાધિકારી દ્વારા પ્રોઈસ્ટ જાહેર કરેલ વ્યક્તિ અને સ્થાનિક બિશપની માન્ય યાદીમાં સમાવિષ્ટ વ્યક્તિ.

❑ **સંસ્કૃત્તિ :** સૈનિકોએ અપનાવેલ જરૂરી સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા હોવા જોઈએ.

❑ **શારીરિક/તબીબી ધોરણ :** ઉમેદવાર શારીરિક રીતે સક્ષમ હોવા જોઈએ અને વિશ્વના કોઈપણ ભાગમાં ધર્મગુરુ તરીકે ફરજ બજાવવામાં કોઈ શારીરિક ખામીથી મુક્ત હોવા જોઈએ. છાતી સુદૃઢ અને ૫ સે.મી. ફૂલાવવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ. બન્ને કાનમાં સારી શ્રવણ શક્તિ, સારી દૃષ્ટિ, પુરતી સંખ્યામાં કુદરતી દાંત અને પેઢાં, હાડકાની કોઈ વિકૃતિ, વેરીકોઝ વેન, પાઈલ્સની ખામી ન હોવી જોઈએ. ઉમેદવાર AYE તબીબી ધોરણ ધરાવતા હોવા જોઈએ. દૃષ્ટિ અને રેડિયલ કેરેટોટોમીનું ધોરણ આર્મી હેડ ક્વાર્ટર્સના અગાઉના પત્ર મુજબ રહેશે.

**ઊંચાઈ :** ૧૬૦ સે.મી. **વજન :** ૫૦ કિ.ગ્રા. **છાતી :** ૭૭ સે.મી.

## APPLICATION FORM FOR JUNIOR COMMISSIONED OFFICER RELIGIOUS TEACHER
## RRT Course No. 62/63
## PART-I : PERSONAL DATA
## (Fill in Block Capital Letters)

**(RRT Courses No. ... )**

Affix passport size photograph here

1. Name in full (Block Capital) (Do not use initials) : ____________
2. Father's Name : (Block Capital) ____________
3. Permanent Home Address : ____________
   Vill/Colony/Locality : ____________ Post : ____________
   Teh/Taluka : ____________ Distt. : ____________
   Pin. : ____________ State : ____________
4. Present Address : ____________
   Vill/Colony/Locality : ____________ Post : ____________
   Teh/Taluka : ____________ Distt. : ____________
   Pin. : ____________ State : ____________ Tel. No. with STD Code : ____________
5. Caste/Tribe : ____________
   Religion : ____________
   Nationality: ____________
6. Date of Birth : ____________
   (Attach CTC/Xerox copy of Matriculation certificate duly attested)
7. Marital Status : Married/Unmarried (If married, attach an affadavit from Megistrate stating that you have single spouse only) ____________
8. Category of Religious Denomination applied : ____________
   (Pandit/Moulvi/Padre)
9. Preference for joining any specific Regt/Corps :
   (a) ____________ (b) ____________ (c) ____________
10. Son of Serving/Ex-serviceman/Son of war widow/son of widow : Yes/No
    (If 'Yes' attach CTC of proof duly authenticated by the Record Office)
11. NCC Certificate : 'A'/'B'/'C'
    (Attach CTC)
12. Previous/Current employment (if any) Yes/No
    (If 'Yes' attach CTC copy of 'No' Objection Certificate' from employer)

| Sr. No. | Name of the Employer with detials & address with Tele. Nos. | Designation | Duration | Remarks |
|---|---|---|---|---|
| | | | | |

**PART-II : QUALIFICATIONS**

13. Education & Religious Qualification :

| Sr. No. | Exam Passed | Subjects Offered | Year | Institute Where studied | Board/ University | Division with% |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

14. Language :

| Sr. No. | Language | Examination Passed | Proficiency (Read, Write, Speak) | Remarks |
|---|---|---|---|---|
| | | | | |

**Note :** CTC/Photostat copies of the certificates and marksheet must be enclosed.

**PART-III : DECLARATION**

15. I Certify that : **(a)** The above information is true to the best of my knowledge and belief. I am liable to be disqualified if any information given above is found to be incorrect/incomplete/false. **(b)** I am fully aware that recruitment is a FREE service and no money is required to be paid to any agency. If at any stage it is discovered that I have paid any money to get recruited, I am liable to be disqualified/discharged from service. **(c)** I will not claim any compensation for any injury sustained by me during screening and selection process.

Date : ____________ **Signature of the Candidate**

**FOR OFFICE USE ONLY**

**Forwarded to Army Headquarters, AG's Branch/Rtg 5 (OR) Signature of DDG States/Commandant, Regimental Centre Forwarded to (Regt/Corps Centre)/Director Rtg 5 (OR)**

❑ **શારીરિક સજ્જતા કસોટી :** ઉમેદવારો ૧ માઈલની દોડ આઠ મિનિટમાં પુરી કરવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ.

❑ **અરજી કેવી રીતે કરશો ? :** અરજીપત્રક વિજ્ઞાપનમાં આપેલ નિયત નમૂના પ્રમાણે તૈયાર કરી સંબંધિત પ્રાદેશિક ભરતી કચેરીના વડા મથકે/રેજિમેન્ટલ ઝોનને **તા. ૨૩-૧-૨૦૧૦**ના રોજ કે તે પહેલાં નિર્દિષ્ટ સરનામે મોકલવાનું રહેશે. ઉમેદવારોએ અરજીપત્રક સંપૂર્ણ રીતે ભરી, અરજી મોકલવાના કવર પર **"Application for JCO (Religious Teacher) RRT-62 OR RRT-63 Course"** લખી ઉમેદવાર જે સ્થળે વસવાટ કરતો હોય અને પરીક્ષા આપવા માગતા હોય ત્યાંના રિક્રૂટમેન્ટ હેડ ક્વાર્ટર્સને અરજી મોકલી આપવાની રહેશે.

❋ **ગુજરાતના ઉમેદવારોએ HQ Rtg Zone, Pune ના નીચે જણાવેલ સરનામે તેમની અરજી મોકલવાની રહેશે.**

**Recruiting officer RO (HQ)Rtg. Zone**
**No. 3, Rajender Singhji Road, Pune-410 001.**

❑ **પસંદગી પદ્ધતિ :**

❋ યોગ્ય જણાયેલા ઉમેદવારોને રિક્રુટીંગ ઝોનના વડામથક દ્વારા પ્રાથમિક ચકાસણી માટે ''કોલ અપ લેટર'' મોકલાવાશે. જેમાં શૈક્ષણિક લાયકાતના મૂળ પ્રમાણપત્રોની ચકાસણી કરાશે અને તબીબી પરીક્ષણ કરાશે. ❋ તારવણી કરાયેલા ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપવાની રહેશે.

❋ **પેપર-૧ :** (વધુમાં વધુ ૨૫૦ ગુણ) જેમાં સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછાશે. આ પ્રશ્નપત્રના જવાબો હિન્દી કે અંગ્રેજીમાં આપી શકાશે અને આ પ્રશ્નપત્ર બધા ધાર્મિક સંપ્રદાયોના ઉમેદવારો માટે એકસરખું રહેશે.

❋ **પેપર-૨ :** (વધુમાં વધુ ૨૫૦ ગુણ) આ પેપરમાં ઉમેદવાર જે ધર્મના હશે તે ધર્મને લગતી ચોક્કસ જાણકારીની ચકાસણી કરાશે. આ પેપરના જવાબો હિન્દી કે અંગ્રેજીમાં આપી શકાશે.

❋ પસંદ કરેલા રેજિમેન્ટ કેન્દ્રો ખાતે સફળ રહેલા ઉમેદવારોનો ઈન્ટરવ્યૂ લેવાશે. ❋ ઈન્ટરવ્યૂમાં સફળ થયેલા ઉમેદવારોએ રેજિમેન્ટલ કેન્દ્ર ખાતે ૬ અઠવાડિયાની તાલીમ લેવાની રહેશે. ત્યારબાદ પૂણે ખાતે ઈન્સ્ટિટયૂટ ઓફ નેશનલ ઈન્ટિગ્રેશન ખાતે દશ અઠવાડિયાની તાલીમ લેવાની રહેશે. ❋બૉર્ડ ઓફ ઓફિસર્સ દ્વારા આખરી પસંદગી કરાશે અને સફળ રહેલા ઉમેદવારની જુનિયર કમિશન્ડ ઓફિસર (ધર્મગુરુ) તરીકે નિમણૂક કરાશે. અયોગ્ય જણાયેલા ઉમેદવારોની તાલીમના સમય દરમિયાન નિમણૂક રદ થઈ શકશે.

❑ **મુસાફરી ભથ્થું :** ઉમેદવારોને **Regt. Trg. Centres** ખાતે ઈન્ટરવ્યૂ માટે બોલાવાશે તો તેમના ઘરથી સંબંધિત ઈન્ટરવ્યૂના સ્થળે આવવાનું તથા ઘર સુધી પાછા જવાનું પ્રવાસ ભથ્થું આપવામાં આવશે.

❑ **સેવાની શરતો :**

❋ **નિમણૂક :** સફળતાપૂર્વક તાલીમ પરિપૂર્ણ કરનારને નાયબ સુબેદારની રેંકમાં રિલિઝિયસ ટીચર તરીકે નિમણૂક અપાશે.

❑ **પગાર, ભથ્થાં અને અન્ય લાભ :** જુનિયર કમિશન્ડ ઓફિસર (આરટી)ને લઘુત્તમ પે બેન્ડમાં રૂા. ૯૩૦૦-૩૪૮૦૦ ચૂકવાશે. તદ્ઉપરાંત રૂા. ૪૨૦૦ પ્રતિ માસ ગ્રેડ-પે અને રૂા. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે ચૂકવાશે. તે ઉપરાંત ડી.એ., એ.ડી.એ., વિનામૂલ્યે રહેઠાણ, પોતાના માટે વિનામૂલ્યે ખોરાક, ગણવેશ, પોતાના કુટુંબીજનો તેમજ આશ્રિતો માટે તબીબી સવલત અને રજાપ્રવાસ રાહત, કેન્ટીન સવલત અને અન્ય ભથ્થાં રેગ્યુલર આર્મીની જેમ મળવાપાત્ર છે.

❑ **સામાન્ય સૂચનાઓ :**

❋ અરજીપત્રક વિજ્ઞાપનમાં આપેલ નમૂના પ્રમાણે તૈયાર કરી સંબંધિત પ્રાદેશિક ભરતી કચેરીના વડા મથકે/રેજિમેન્ટલ ઝોનને મોકલવાનું રહેશે. ❋ અરજીઓ સ્વહસ્તાક્ષરમાં કે ટાઈપ કરીને નિયત નમૂનામાં મોકલાઈ હશે તો પણ સ્વીકારાશે. ❋ અરજીપત્રકમાં નિયત જગાએ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડવો. પોલોરાઈડ કેમેરા અથવા કોમ્પ્યુટર દ્વારા મેળવેલ ફોટા સ્વીકારાશે નહીં. પોતાની સહી કરેલ એક વધારાનો ફોટો અરજી સાથે રજૂ કરવો. ❋ પોતાના નામ-સરનામાવાળા ટપાલ ટિકિટ લગાવેલા બે રજિસ્ટર્ડ પરબીડિયાં મોકલવાં. ❋ અગાઉ જેમનું અરજીપત્રક રદબાતલ કરાયું હોય તેવા ઉમેદવારો લાયકાત અને વયમર્યાદા પરિપૂર્ણ કરતા હશે તો અરજી કરી શકશે. ❋ મિલિટરી હોસ્પિટલ દ્વારા તબીબી દૃષ્ટિએ અગાઉ ગેરલાયક ઠરાવાયેલા અથવા હેડકવાર્ટર્સ રિક્રૂટીંગ ઝોન દ્વારા ઉમેદવારોને ૨૧-૪૨ દિવસમાં પુનઃ સમીક્ષા માટે બોલાવ્યા ન હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહિ. ❋ ઉપર દર્શાવેલ બધી શરતો, પસંદગી અને પસંદગી પદ્ધતિઓ વખતો-વખત ફેરફારને પાત્ર છે. ❋ **ફક્ત પુરૂષ ઉમેદવારોએ જ અરજી કરવી.** ❋ પરિણામની જાણ અને ઈન્ટરવ્યૂની તારીખની જાણ ઉમેદવારોને પોતાના નામ-સરનામાવાળા પરબીડિયાંથી કરાશે અને પરિણામ સંબંધિત કેન્દ્રો ખાતે પણ મુકવામાં આવશે. ❋ ઉમેદવારોએ સ્ક્રિનિંગ ટેસ્ટ વખતે સરપંચ/વોર્ડના મ્યુનિસિપલ કમિશનર પાસેથી મેળવેલ જાતિ/ચારિત્ર્ય અંગેનું પ્રમાણપત્ર, ડોમિસાઈલ/રહેણાંક અંગેનું યોગ્ય સત્તાધિકારીનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતના ગુણપત્રકો તથા મૂળ પ્રમાણપત્રો, એન.સી.સી.નું મૂળ પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો), માજી સૈનિક ઉમેદવારના પુત્ર અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો) રજૂ કરવાના રહેશે. ❋ નોકરી કરતાં ઉમેદવારોએ ઈન્ટરવ્યૂ બાદ પોતાના નોકરીદાતા પાસેથી મેળવેલ 'ના-વાંધા' પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.